# પાક્કો ગુજરાત

ગુજરાતનું વિશ્વસનિય દૈનિક


RNI NO. : GUJGUJ/2016/67425

13 JUNE,2025 FRIDAY





પેજ 2




1500 કિલોગ્રામ તેલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો

પેજ 3



નર્મદામાં ન્હાવા પડેલી પરિણીતાનું મોત નીપજ્યું

પેજ 7



બ્રિટીશ નાગરિકોનો બાય બાય ઈન્ડિયા કહેતો વિડીયો વાયરલ થયો

પેજ 5

પ્રિયંકા ચોપડાનું કમબેકઃ SSMB29 માટે રામાયણની ઓફર નકારી



pakkogujarat/ | Vol. 10 I Issue : 90 I Page : 8 I Price : 1.00/- I Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • Mo. : 9662420070 • E-mail : pakkogujarat7@gmail.com








# અમદાવાદથી લંડન જતું વિમાન ક્રેશ થતા 250થી વધુના મોત

આગની ભીષણતાને કારણે કેટલાક લોકો પોતાનો જીવ બચાવવા બિલ્ડિંગના ચોથા માળેથી કૂદયા

# કરુણાંતિકા

પ્લેન ક્રેશમાં ભાવનગરના 4 લોકોના મોત, તળાજાનું ડોક્ટર દંપતી ખંડિત થયું

## ગરમી અને સવા લાખ લિટર ઈંધણના કારણે બચવાનો મોકો ન મળ્યો

• અમદાવાદ

અમદાવાદથી લંડન જઈ રહેલું એર ઈન્ડિયાનું વિમાન ટેક ઑફ સમયે ક્રેશ થતાં સર્જાયેલી દુર્ઘટનામાં એક અત્યંત કરુણ દૃશ્ય સામે આવ્યું છે. આ વિમાન નજીકમાં આવેલી ઈન્ટર્ન ડૉક્ટરની હોસ્ટેલ પર અથડાયું હતું, જેના કારણે બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી અને 8થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે.

મળતી માહિતી મુજબ, ક્રેશ થયેલું વિમાન હોસ્ટેલ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએથી અથડાયું હતું. આ ભયાવહ ટક્કરને કારણે બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ગમે ત્યારે તૂટી પડે તેવી શક્યતા છે. વિમાન અથડાયા બાદ બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં ઈન્ટર્ન ડૉક્ટર અને તેમના પરિવારજનો સહિત અંદાજે 50થી વધુ લોકો રહેતા હતા.



આગની ભીષણતાને કારણે કેટલાક લોકો પોતાનો જીવ બચાવવા બિલ્ડિંગના ચોથા માળેથી કૂદયા હતા. આ ઘટનાને નજરે જોનાર લોકોનું કહેવું છે કે, એક વ્યક્તિએ એક બાળકનો જીવ બચાવવા માટે તેને ચોથા માળેથી નીચે ફેંક્યો હતો. જ્યારે, એક મહિલા પણ ચોથા માળેથી કૂદી હોવાથી તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. નજરે જોનાર કેટલાંક લોકોનું કહેવું છે કે બિલ્ડિંગમાં આગ લાગતાં 8થી વધુ લોકો ચોથા માળેથી કૂદયા હતા. પ્લેન ક્રેશ અને બિલ્ડિંગમાં લાગેલી આગને કારણે કુલ 9થી વધુ લોકોના મોત થયા હોવાની આશંકા સેવવામાં આવી રહી છે, જોકે સત્તાવાર આંકડાઓની રાહ જોવાઈ રહી છે.એક તરફ દુર્ઘટનાગ્રસ્ત સ્થળે રાહત અને બચાવ કામગીરી ચાલી રહી હતી, ત્યારે બીજી તરફ અમાનવીય ઘટના પણ સામે આવી છે. મદદ કરવા આવેલા કેટલાક લોકો દ્વારા ચોરી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. બિલ્ડિંગમાં તિજોરીઓ ખુલ્લી હાલતમાં મળી આવી હતી અને રોકડ, દાગીના તેમજ મોબાઈલ ફોનની ચોરી થઈ હોવાનું કહેવાય છે.

આ દરમિયાન, વિમાનનું અત્યંત મહત્ત્વપૂર્ણ બ્લેક બોક્સ ઍરપોર્ટ ઓથોરિટી દ્વારા સુરક્ષિત રીતે લઈ લેવામાં આવ્યું છે. આ બ્લેક બોક્સ વિમાન ક્રેશના કારણો અને તે સમયની પરિસ્થિતિ અંગેની મહત્ત્વની જાણકારી પૂરી પાડશે. સમગ્ર ઘટના અંગે વધુ તપાસ ચાલી રહી છે.



અમદાવાદ પ્લેન ક્રેશમાં રાજસ્થાનના એક જ પરિવારના 5 લોકોના મોત, અંતિમ સેલ્ફી વાઈરલ થતાં લોકો ભાવુક બન્યાં

## અમદાવાદ પ્લેન ક્રેશમાં 242 પૈકી એક મુસાફર જીવિત મળ્યો, 11A નંબરની સીટ પર બેઠો હતો

• અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પરથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટેકઓફ થયાની બે મિનિટમાં જ મેઘાણીનગર વિસ્તારમાં ક્રેશ થઈ છે. આ વિમાનમાં સવાર તમામ 242 મુસાફરો પૈકી એક જ મુસાફર જીવિત હોવાની માહિતી સામે આવી છે. અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે પણ માહિતી આપી હતી કે, પોલીસને વિમાનમાં 11A નંબરની સીટ પર એક જીવિત મુસાફર મળ્યો છે.આ વિમાનમાં કુલ 242 લોકોમાં 169 ભારતીય મુસાફરો, 53 બ્રિટિશ મુસાફરો, સાત પોર્ટુગીઝના નાગરિકો અને એક કેનેડિયન નાગરિક અને 12 ક્રૂ મેમ્બર સવાર હતા.આ પહેલા અમદાવાદના પોલીસ કમિશનર જી.એસ.મલિકે ન્યૂઝ એજન્સી APને જણાવ્યું હતું કે, 'એવુ લાગી રહ્યું છે કે, આ વિમાન દુર્ઘટનામાં મોટા ભાગના મુસાફરો જીવિત રહ્યા નથી. વિમાન રહેણાક વિસ્તારમાં ક્રેશ થયું હતું, જેના કારણે કેટલાક સ્થાનિકોના પણ મોત થયા છે. કાટમાળ અને આગની સ્થિતિ જોતા સ્થિતિ ખૂબ જ પડકારજનક બની છે.'અમદાવાદ શહેરના પોલીસ કમિશનર જી.એસ. મલિકે ન્યૂઝ એજન્સી ANIને જણાવ્યું છે કે, 'આ વિમાન દુર્ઘટનામાં પોલીસ જવાનને 11A સીટ પર એક મુસાફર જીવિત મળ્યો છે.' પ્રાથમિક જાણકારી અનુસાર જીવિત બચેલા મુસાફરનું નામ રમેશ વિશ્વાસ કુમાર છે અને તેઓ હાલ સારવાર હેઠળ છે.

ઉલ્લેખનીય છે કે, મેઘાણીનગર વિસ્તારમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થતાં દેશભરમાં શોક છવાયો છે. અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લાનમાં કુલ 242 લોકો સવાર હતા. જેમાં 230 મુસાફરો અને 2 પાયલટ સહિત 12 ક્રૂ મેમ્બર પણ સામેલ હતા. પ્લેન ટેકઑફથી ક્રેશ થયાની 8 મિનિટમાં શું થયું અને કયા કારણે પાયલટને એક મિનિટનો પણ સમય ન મળ્યો. એર ઈન્ડિયા બોઈંગ 787 ડ્રીમલાઈનર વિમાન મોટું એરક્રાફ્ટ છે. કહેવામાં આવે છે કે, આ વિમાન 11 વર્ષ જૂન છે. ગુરુવારે (12 જૂન)ની બપોરે 1:30 ટેકઑફ કર્યાની પહેલા રનવે પર હતું. સેટેલાઈટ આધારે જોવા મળે છે કે 1:38 વાગ્યે પ્લેન રનવેના છેલ્લા ભાગમાં હતું અને પ્લેન ટેકઑફ થઈ ચૂક્યું હતું. ટેકઑફ બાદ 625 ફૂટની ઊંચાઈએ પ્લેને સિગ્નલ ગુમાવ્યો હતું. જેમાં પ્લેનની ઊડાન બાદ માત્ર 8 મિનિટ માટે જ સિગ્નલ એક્ટિવ રહ્યું હતું અને 1:40 વાગ્યે પ્લેન ક્રેશ થયું હતું. પ્લેનની ઊભી ગતિ જોઈએ તો, પ્લેન 400 ફૂટ પ્રતિ મિનિટની ઝડપે નીચે પડી રહ્યું હતું. આ સમય દરમિયાન પાયલટ પાસે કંઈ કરવા માટે એક મિનિટ પણ નહોતો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખોઃ 9662420070

## આગામી લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચુંટણીઓમાં મહિલા અનામત કાનુન લાગુ કરી દેવામાં આવશે

# સરકાર 33 ટકા મહિલા અનામત લાગુ કરવા પ્રતિબદ્ધઃ 2029 માં અમલી થઈ શકે




• નવી દિલ્હી

કેન્દ્ર સરકાર લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને 33 ટકા અનામત આપવા સંબંધી કાયદાને આગામી સામાન્ય ચૂંટણીમાં લાગુ કરવા માટે પુરી રીતે પ્રતિબદ્ધ છે. અનામત લાગુ કરતા પહેલા વસ્તીનાં નવા આંકડા અને તેના આધારે સીમાંકનનુ કામ પણ કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીનાં નેતૃત્વમાં એનડીએ સરકારની સતામાં સતત 11 વર્ષ પુરા થવાની તમામ સિદ્ધિઓની સાથે સરકાર પોતાનાં ભાવી એજેન્ડાને પણ લાગુ કરવા માટે ઝડપથી કામ કરી રહી છે.

સરકારના વરિષ્ઠ સુત્રોએ જણાવ્યું હતું કે, તે મહિલા અનામત કાયદા પર અમલ માટે પુરી રીતે પ્રતિબદ્ધ છે. તે આગામી લોકસભા ચૂંટણી (વર્ષ 2029) ના સમયે સામાન્ય ચૂંટણી અને વિધાનસભા ચુંટણીમાં મહિલા અનામત કાયદાને લાગુ કરશે.

સરકારે વસ્તી ગણતરી પર કામ શરૂ કરી દીધી છે.2027 સુધીમાં દેશભરની વસ્તી ગણતરીનાં નવા આંકડા તેની પાસે હશે. ત્યારબાદ સરકાર સીમાંકન આયોગની રચના કરશે જે દેશભરમાં લોકસભા સીટોનું સીમાંકન કરશે.

સુત્રો અનુસાર આયોગ જ એ નિર્ણય કરશે કે વસ્તી અને ક્ષેત્રફળનાં પ્રમાણમાં કયા રાજયમાં કેટલી સીટ રાખવામાં આવે. ઉલ્લેખનીય છે કે દક્ષિણના રાજયોનો વાંધો રહ્યો છે કે ઉતર ભારતમાં વસ્તી વધારો લાગુ થાય છે. જયારે દક્ષિણ ભારતના રાજય વસ્તી નિયંત્રણ પર કામ કરે છે. આ સ્થિતિમાં સીટોમાં વધારો ઉતર ભારતમાં વધુ થશે અને દક્ષિણ ભારતમાં નહિં થાય.

સરકાર પણ આ મુદા પર સહમત છે અને તેનું માનવુ છે કે આ બધા તથ્યો પરિસીમન આયોગ સમક્ષ લાવવામાં આવશે અને તે બધા પાસાઓ પર વિચાર કરીને યુકિત સંગત નિર્ણય કરશે સરકારે એ બાબત પર પણ સંકેત આપ્યા છે કે દક્ષિણ ભારતનાં રાજયોને કોઈ નુકશાન નહિં થવા દેવામાં આવે. લોકસભા બધા રાજયોને ઉચિત પ્રતિનિધિત્વ મળશે.

સુત્રો અનુસાર આગામી વર્ષે દક્ષિણના બે મુખ્ય રાજયો તમિલનાડુ અને કેરલની સાથે સાથે પુડુચેરી વિધાનસભાની ચૂંટણી થવાની છે. આ સ્થિતિમાં સરકાર પહેલા આ બન્ને રાજયોની જનતાને અને ત્યાંના રાજનેતાઓને એ વિશ્વાસ અપાવશે કે વસતી, સીમાંકન અને ત્યારબાદ મહિલા અનામત લાગુ થવાની દિશામાં કોઈપણ સ્તરે તેમને નુકશાન નહિં થવા દેવાય. સીટોની સંખ્યામાં વધારો સપ્રમાણ રીતે કરવામાં આવશે.

જોકે તેની ફોર્મ્યુલા શું હશે તે આયોગ નકકી કરશે. પરંતુ સરકાર એ નકકી કરશે કે જે રાજયોએ વસતી નિયંત્રણને અસરકારક રીતે લાગુ કર્યુ છે તેમને કોઈપણ પ્રકારનું નુકશાન ન થાય બલકે તેમને પ્રોત્સાહીત કરવામાં આવે.

સુત્રો અનુસાર ભાજપને આશા છે કે, આથી તેને આવનારી વિધાનસભા ચૂંટણીમાં કંઈક લાભ થઈ શકે છે. જો વધૂ લાભ થાય તો પણ તેના વિરોધી પક્ષો તેની વિરૂદ્ધ માહોલ બનાવીને લાભ નહિં ઉઠાવી શકે.

વડાપ્રધાન મોદીએ બુધવારે જણાવ્યું હતું કે પાયાના માળખામાં ક્રાંતિનાં 11 વર્ષ થઈ ગયા છે. ભારતનું ઝડપથી વિસ્તાર લઈ રહેલુ પાયાના માળખુ નેટવર્ક 'જીવન સુગમતા' ને પ્રોત્સાહન આપવાની સાથે સમૃધ્ધિ પણ વધારી રહ્યું છે. એક દાયકાથી વધુ સમયથી ચાલુ પરિવર્તનકારી પાયાના માળખાનાં વિકાસે દેશને આગળ વધાર્યો છે.

એકસ પર અલગ અલગ પોસ્ટમાં પીએમ મોદીએ રેલવે, હાઈવે બંદર અને વિમાન મથક જેવા પાયાના માળખામાં ભારતની શાનદાર પ્રગતિ પર પ્રકાશ ફેંકયો હતો.તેમણે કહ્યું હતું કે રેલવેથી માંડીને હાઈવે, બંદરોથી લઈને વિમાન મથક સુધી ભારત ઝડપથી ફેલાઈ રહેલા પાયાના માળખા નેટવર્ક જીવન સુગમતાને ગતિ આપી રહ્યું છે. સમૃધ્ધિને વધારી રહ્યું છે.

## મેદસ્વિતા મુક્તિ માટે પોરબંદરમાં અનોખી પહેલ

# પોરબંદરમાં 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાનને મળી રહી છે યોગથી નવિન દિશા

### ધારાબેન જુંગી દ્વારા નિશુલ્ક યોગ સેવા અને માર્ગદર્શન

• વિરમભાઈ કે.આગઠ

આજના સમયમાં બદલાતી જીવનશૈલી, આંતરિક તાણ, અનિયમિત આહાર અને વ્યાયામના અભાવ ના કારણે લોકોમાં મેદસ્વિતા (ઓબેસિટી) એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા તરીકે ઊભરી રહી છે. આ સંજોગોમાં સરકાર દ્વારા મેદસ્વિતા સામે જાગૃતતા અને નિવારણ માટે "મેદસ્વિતા મુક્ત ગુજરાત" અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. આ અભિયાનને વધુ મજબૂતી મળે એ હેતુથી પોરબંદર શહેરના ધારાબેન જુંગીએ પતંજલી વિશ્વ વિદ્યાલય, હરિદ્વારથી યોગવિદ્યામાં અનુસ્નાતકની પદવી મેળવ્યા બાદ પોરબંદરમાં લોકસેવાના ભાવથી યોગસેવા શરૂ કરી છે. તેઓ માત્ર યોગાસનો જ નહીં પરંતુ મેદસ્વિતા નિયંત્રણ માટે આયુર્વેદ, નેચરોપેથી અને પંચકર્મ પદ્ધતિઓ અંગે માર્ગદર્શન પણ આપે છે. ધારાબેન જણાવે છે કે, યોગ એક એવી સંપૂર્ણ પદ્ધતિ છે જેના માધ્યમથી માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય બંનેમાં સુધારો લાવી શકાય છે. યોગાસન, પ્રાણાયામ, વ્યાયામ, સૂર્ય નમસ્કાર વગેરે દ્વારા લોકો પોતાનું વજન નિયંત્રિત કરી શકે છે તેમજ વિવિધ બીમારીઓથી પણ બચી શકે છે.આ જનરેશનમાં એક્સરસાઈઝની અછત, અયોગ્ય આહારસહિતના કારણોથી ઓબેસિટીનુ પ્રમાણ ખુબ જ વધી રહ્યુ છે. તેને નિયંત્રીત કરવા માટે ઉપવાસની પદ્ધતિ કે જેને પંચમહાભૂત તત્વોમાંથી "આકાશ" તત્વ તરીકે ઓળખવા માં આવે છે. તે શરીરમાં રહેલા વિકારોને દૂર કરવા અને ચરબી ઘટાડવા માટે અસરકારક પદ્ધતિ છે.

નેચરોપેથી પદ્ધતિઓ જેમ કે સન બાથ, નેચરલ ડાયટ, મસાજ વગેરે દ્વારા પણ શરીરમાંથી વિકૃતિઓ દૂર કરી શકાય છે. અંતે તેઓ કહે છે કે જો આ બધા ઉપાયોને આપણે એક સાથે લઈ આવીએ, યોગ, આયુર્વેદ, પંચમહાભૂત તેમજ ચિકિત્સાના માધ્યમથી ખૂબ જ સરસ પરિણામ મેળવીને આપણે મેદસ્વિતા મુક્ત ગુજરાત બનાવી શકીશુ. ઉલ્લેખનીય છે કે ધારાબેન જુંગીના સેવાકીય કાર્યનો સ્વાસ્થ્યલાભ પોરબંદરના નાગરિકો લઈ રહ્યા છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના "મેદસ્વિતા મુક્તિ" અંગેના દ્રષ્ટિકોણથી પ્રેરિત થઈ સમાજમાં આરોગ્ય અંગે જાગૃતિ વધારવા માટે ધારાબેનનું કાર્ય સરાહનીય છે.

## ભરૂચ ક્રાઈમ બ્રાંચની કાર્યવાહી

# ગડખોલના શ્રીજીનગરમાં મોબાઈલ-લેપટોપની ચોરી કેસમાં બે આરોપી ઝડપાયા, એક ફરાર

### પકડાયેલા આરોપી અરબાઝશા જલાલુદ્દીનશા શાહે કબૂલાત કરી

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે અંક્લેશ્વર શહેરના ગડખોલ ગામે શ્રીજીનગરમાં થયેલી ચોરીના કેસમાં બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ ઈન્સપેક્ટર એમ.પી. વાળાની સૂચના મુજબ, થોડા દિવસ પહેલા શ્રીજીનગરમાંથી રાત્રી દરમિયાન બે મોબાઈલ અને લેપટોપની ચોરી થઈ હતી.

પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. પો.સ.ઈ આર.કે. ટોરાણીની ટીમને મળેલી માહિતીના આધારે મીરાનગર વિસ્તારમાંથી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

પકડાયેલા આરોપી અરબાઝશા જલાલુદ્દીનશા શાહે કબૂલાત કરી હતી કે, સાત-આઠ દિવસ પહેલા રાત્રે તે અને ઔરંગઝેબ શ્રીજીનગર સોસાયટીમાં ગયા હતા. બે માળના મકાનના ઉપરના માળે રૂમનો દરવાજો ખુલ્લો હોવાથી દીવાલ પરથી ચડીને ચોરી કરી હતી.

બીજા દિવસે મોબાઈલના લોક તોડવા માટે તેમણે તેમના મિત્ર દાનીશ સમીમ શેખનો સંપર્ક કર્યો હતો. ચોરી કરેલા મોબાઈલ અને લેપટોપ ઔરંગઝેબ વેચવા માટે લઈ ગયો હતો. પોલીસે અરબાઝશા અને દાનીશ શેખની ધરપકડ કરી છે, જ્યારે ઔરંગઝેબને વોન્ટેડ જાહેર કર્યો છે.પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અંક્લેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા છે.




## કપડવંજ સત્યનારાયણ ટ્રેડર્સમાંથી

# રૂા.2 લાખનો 1500 કિલો તેલનો જથ્થો જપ્ત કરાયો



• નરેશ ગનવાણી નડિયાદ

ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નડિયાદની ટીમે કપડવંજ ખાતે આવેલ સત્યનારાયણ ટ્રેડર્સ પર દરોડો પાડ્યો હતો જેમાં તપાસ દરમિયાન પેઢીના માલિક લજપતભાઈ તનસુખભાઈ શર્મા હાજર રહ્યા હતા. તપાસમાં પેઢી પાસે 5 નવેમ્બર 2024 સુધી માટે માન્ય ખાદ્ય પદાર્થ પરવાનો હતો, પરંતુ એ પરવાનાની મુદત પૂરી થઈ ગયા બાદ પણ તેલ પેકિંગની પ્રવૃતિ ગેરકાયદેસર રીતે ચાલુ રાખવામાં આવી રહી હતી. અધિકારીઓને સ્થળ પરથી સરીતા બ્રાન્ડના કપાસિયા તેલ અને કોહિનૂર એડિબલ ઓઈલ બ્રાન્ડના સોયાબીન તેલમાં ભેળસેળની શંકા જણાઈ, જેને લઈને બંને પ્રકારના તેલના નમૂનાઓ લેબોરેટરી પરિક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. જાહેર આરોગ્યની દ્રષ્ટિએ તંત્રે આ કાર્યવાહી અંતર્ગત લગભગ 1500 કિલોગ્રામ શંકાસ્પદ તેલનો જથ્થો સ્થળ પરથી જપ્ત કર્યો છે, જેની કિંમત અંદાજ રૂ. 2 લાખ જેટલી થાય છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રના અધિકારીએ જણાવ્યું હતું કે, આ ખાદ્ય પદાર્થો પ્રાથમિક રીતે શંકાસ્પદ જણાઈ રહ્યા છે. લેબોરેટરી અહેવાલ મળ્યા બાદ નિયમસર કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

## ગોસા(ઘેડ) : લેવલ ફોર ગાર્ડ જેઠાભાઈ ઓડેદરાની કુનેહથી

# કૂવામાં પડેલ રોઝડાનું રેશ્ક્યું કરી સલામત બહાર કાઢી બચાવી લેવાયું

• વિરમભાઈ કે. આગઠ

ગોસા(ઘેડ)ના ઉપસરપંચ પોલાભાઈ અને જીવદયા પ્રેમી વિરમભાઈ આગઠએ ફોરેસ્ટ વિભાગમાં જાણ કરતા રોઝડાનો જીવ બચી ગયેલ. ગોસા (ઘેડ)તા.૧૨/૦૬/૨૦૨૫ પોરબંદર તાલુકાના ગોસા(ઘેડ) ગામે સીમમાં કૂવામાં એક નીલ ગાય(રોજડું) અચાનક પથ્થરની વંડી ઠેક્તા અને વંડીની બાજુમાં જ કુવો આવેલ હોય તેથી તેમાં પડી ગયેલું. ત્યારે ગામના જ ખેડૂત પુત્ર ગાંગા મેરખીભાઈ આગઠ પોતાના પશુઓને ચરાવવા સમીમમાં પણ ગયેલ ત્યારે રસ્તામાં જ એક કૂવામાં કઈક આવાજ આવતા તેઓએ વંડી ની બાજુમાં જઈ ને જોયું તો એક નીલ ગાય(રોઝડુ) કૂવામાં પડી ગયેલ હોય કૂવામાં પાણીમાં આમતેમ ફરી બહાર નીકળવા મથતું હતું.પરંતુ કુવો ઊંડો હોય અને પાણી હોવાથી બહાર નીકળી શકતું ન હતું. ત્યારે તેમણે તેમના પાસે રહેલ મોબાઈલ ફોન નો સદઉપયોગ કરી તેનો વિડિયો ઉતારી ગામમાં તેમના ગ્રુપમાં મોકલ્યો.

અને બીજી બાજુ ગામના જીવદયા પ્રેમી વિરમભાઈ આગઠ ને રૂબરૂ મળીને કૂવામાં પડેલ રોઝડાની સઘળી હકીકત કહેલ. ત્યારે વિડિયો જોઈ ને ગામના ઉપસરપંચ પોલાભાઈ આગઠે અને જીવદયા પ્રેમી વિરમભાઈ આગઠએ બનાવવાળી જગ્યાએ જઈ ખરાઈ કરતા કૂવામાં નીલગાય (રોઝડુ) પાણીમાં મોઢું ઊંચું રાખીને બહાર નીકળવા ની કોશિશ કરતું હતું. પરંતુ નીકળી શકાય તેવી પોઝિશન નથી.ત્યારે ઉપ સરપંચ પોલાભાઈ અને જીવદયા પ્રેમી વિરમભાઈ આગઠ આ બને જાગૃત વ્યક્તિઓએ પોરબંદર વનવિભાગના સતાવાળા ઓ ને જાણ કરતા વનવિભાગના ચોબારી બિટના ગાર્ડ ભાવેશ પિંચાડિયા,વન વિભાગના ડો. વિજય ખુંટી, આ વિસ્તાર તમનેમાં ન આવતો હોવા છતાં ફરજનિષ્ઠ રાતીયા બીટ ના લેવર ફોર ગાર્ડ કર્મી જેઠાભાઈ ઓડેદરા, તેમના પુત્ર ભરતભાઈ સહિતની ટીમ ગોસા(ઘેડ) ગામે કૂવામાં પડેલ રોજડા ના બનાવવાળી જગ્યાએ વાહન લઈ ને તુરંત જ આવી ગયા હતા. રાતીયા બીટના લેવર ફોર ગાર્ડ જેઠાભાઈ ઓડેદરાએ પોતાના બહોળા અનુભવ ના આધારે રોજડા ને બહાર કાઢવા રેશ્ક્યું કરવામાં જહેમત ઉઠાવી અને બહાર કાઢવામાં સિંહ ફાળો તેમનો રહ્યો હતો.

સાથે ગામના અનેક સેવાકીય કાર્યોમાં અગ્રેસર અને જીવદયા પ્રેમી અરજણભાઈ લીલાભાઈ ઓડેદરા. વિરમભાઈ કે. આગઠ. કારાભાઈ અરશી તેમજ વન વિભાગના ચોબારી બિટ ના ભાવેશભાઈ, ડો. વિજ્ય ખુંટી, સહિતના ની મહેનતના પરિણામે મહામહેનતે કોઈ પણ જાતની ઈજા વગર ઊંડા કૂવામાંથી આબાદ નીલગાય (રોઝડા) ને બહાર કાઢી જીવ બચાવ્યો હતો. કૂવામાંથી રોજડું બહાર નીકળતા જ જાણે શિકાર ના હાથમાંથી છૂટ્યું હોય તેમ તુરંત જ દોડ મુકી નાચી છૂટેલ. અને થોડા અંતરે જઈ પોતાના જીવ બચાવનાર સામે ટગર ટગર જોયા પછી સીમ માં નાચી ગયું હતું. આમ એક નીલ ગાય (રોજડા) ને કૂવામાંથી જીવદયાના માણસો ના કારણે વનવિભાગને જાણ કરીને મુગા જીવને બચવ્યાનું પુણ્યનું કાર્ય કર્યું હતું.

## રૂ.૨૦ હજારની ખંડણી લેનાર બંન્ને શખ્સો જિલ્લા બહાર જેલભેગા

# ઓલપાડ કાંઠા કુવાદ અને કરંજના બે ખંડણીખોર શખ્સોની 'પાસા હેઠળ' ધરપકડ

• ઓલપાડ

ઓલપાડ તાલુકાની માસમા ગ્રા.પં.વિરૂધ્ધ ખોટી આર.ટી.આઈ. કરી રૂ.૨૦ હજારની ખંડણી લેનાર તાલુકા ના કાંઠા વિસ્તારના બેખંડણીખોર શખ્સોની પોલીસે 'પાસા હેઠળ' ધરપકડ કરી છે. ઓલપાડ પોલીસે તાલુકાના કુવાદ ગામનો મુખ્ય આરોપી વિવેક ઈશ્વર પટેલને રાજકોટ ખાતે અને કરંજ ગામના વિરલ રસિક પટેલને અમદાવાદ ખાતેની સેન્ટ્રલ જેલમાં ધકેલી દીધો છે.જેના પગલે ખંડણીખોર શખ્સોમાં ફફડાટનો માહોલ ફેલાયો છે. ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના કુવાદ ગામનો વિવેક ઈશ્વર પટેલ તથા કરંજ ગામનો તેનો સાગરીતવિરલ રસિક પટેલ બંન્ને શખ્સો એકબીજાની મદદગારીથી તાલુકાના માસમા ગ્રા.પં.ના રેકર્ડ બાબતે ખોટી રીતે માહિતીઓ મેળવવા આર.ટી.આઈ.એક્ટ હેઠળ તેમજ અન્ય અરજીઓ કરી મહિલા સરપંચ તથા તેના પતિ યોગેશ પટેલ ને માનસિક ત્રાસ આપી હેરાન-પરેશાન કરતા હતાં.એટલું જ નહીં પણ આ બંન્નેશખ્સો તેમની પાસે રૂપિયા માંગતા હતાં અને જો રૂપિયા ન આપશે તો ગ્રા. પં.ના વહીવટના ખોટા રેકર્ડના વિડીયો સોશ્યલ મિડીયામાં અપલોડ કરવા સહિત મારી નાંખવાની ધમકી આપતા હતાં.જેથી ફરીયાદી યોગેશ પટેલે ઓલપાડ તા.પં.કચેરી કેમ્પસ બહાર સાક્ષીઓની રૂબરૂમાં વિવેક પટેલને રોકડા રૂ.૨૦,૦૦૦ આપ્યા હતાં.પરંતુ આ આરોપીઓ દર મહિને હપ્તો ચાલુ રાખવાની માંગણી કરતાં ફરીયાદી યોગેશ પટેલે ફરિયાદ કરતાં પોલીસે બંન્ને ઈસમોની ધરપકડ બાદ જામીન મુકત કર્યા હતાં. જો કે સુરત ગ્રામ્ય એલ.સી.બી. શાખાના પીઆઈ આર.બી.ભટોળ અનેઓલપાડ પીઆઈ ચેતન જાદવે અસામાજીક પ્રવૃતિઓ કરતાં ખંડણીખોરોને નાથવા બંન્ને ઈસમો વિરૂધ્ધ 'પાસા એક્ટ' હેઠળ વોરન્ટ ઈશ્યુ કરી ધરપકડ કરવા માટેની દરખાસ્ત સુરત જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટર ડો.સૌરભ પારઘીને રજુ કરી હતી.. પોલીસ ટીમે જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરના હુકમ મુજબ કરંજના આરોપી વિરલ રસિક પટેલને 'પાસા વોરંટ' હેઠળ અમદાવાદ ખાતેની મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો હતો.જયારે કુવાદના આરોપી વિવેક ઈશ્વર પટેલને રાજકોટ ખાતેની મધ્યસ્થ જેલમાં મોકલી આપ્યો છે.

## બનાસકાંઠામાં ૬૧૪ ગ્રામ પંચાયત અને ૪૦૫ સરપંચની બેઠકો સામે ૯૩૩ સરપંચ અને ૧૬૧૧ સભ્ય વચ્ચે ચૂંટણી યોજાશે

# જિલ્લામાં ૪૦૫ સરપંચની બેઠકો પૈકી કુલ ૯૦ સરપંચ અને ૨૪૭૮ સભ્યો બિન હરીફ

• દિપક પુરબિયા

ચૂંટણી આયોગે રાજ્યમાં ૨૮ મે ૨૦૨૫થી ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્ય સત્ર તથા પેટા ચૂંટણીઓ જાહેર કરી છે, જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૪ તાલુકાઓ માટે કુલ ૬૧૪ ગ્રામ પંચાયત માટે તારીખ ૨૨ જૂન ૨૦૨૫ રવિવારના રોજ સવારના ૭.૦૦ કલાકથી સાંજે ૬.૦૦ કલાક દરમિયાન ચૂંટણી યોજાશે.

આ ૬૧૪ ગ્રામ પંચાયત પૈકી ૩૮૫ ગ્રામ પંચાયતમાં સામાન્ય/વિભાજન કે મધ્ય સત્રની ચૂંટણીઓ તથા ૨૨૯ ગ્રામ પંચાયતમાં પેટા ચૂંટણીનું આયોજન કરાશે. જિલ્લાની ૬૧૪ ગ્રામ પંચાયતો પૈકી ૪૦૫ સરપંચની બેઠકો તથા ૩૫૭૦ વોર્ડના સભ્યોની બેઠકો માટે ચૂંટણીનું આયોજન કરાશે. બનાસકાંઠા જિલ્લામાં ૪૦૫ સરપંચની બેઠકો સામે કુલ ૧૯૨૭ ફોર્મ ભરાયા હતા. જ્યારે ૩૫૭૦ વોર્ડના સભ્યોની બેઠકો સામે કુલ ૫૦૦૫ સભ્યના ફોર્મ ભરાયા હતા. ૪૦૫ બેઠકો સામે જિલ્લામાં ૯૦ સરપંચ બિન હરીફ જાહેર થયા છે.

જ્યારે ૩૫૭૦ વોર્ડના સભ્ય પૈકી ૨૪૭૮ સભ્ય બિન હરીફ જાહેર થયા છે. ઉમેદવારી ફોર્મ ચકાસણી દરમિયાન કુલ ૪૪ ફોર્મ સરપંચના અને કુલ ૧૯૮ સભ્યના ફોર્મ અમાન્ય જાહેર થયા છે.

જ્યારે ૮૩૪ સરપંચના અને ૭૩૭ સભ્યના ફોર્મ પરત ખેંચાયા હતા.

જિલ્લામાં આજની સ્થિતિએ ૯૩૩ સરપંચ અને ૧૬૧૧ સભ્ય વચ્ચે ચૂંટણીનું આયોજન કરાશે. સામાન્ય/વિભાજન/મધ્યસત્ર ચૂંટણીની ૩૮૫ બેઠકોની તાલુકા વાઈઝ વાત કરીએ તો પાલનપુર તાલુકાની કુલ ૨૨ પંચાયત માટે સરપંચના કુલ ૩૧ અને ૫૫ સભ્ય વચ્ચે ચૂંટણી યોજાશે.

વડગામની ૨૦ પંચાયત માટે ૩૬ સરપંચ અને ૭૪ સભ્ય વચ્ચે, દાંતાની ૧૦ પંચાયત માટે ૨૯ સરપંચ અને ૧૩૫ સભ્ય વચ્ચે, અમીરગઢની ૧૩ પંચાયત માટે ૩૪ સરપંચ અને ૧૯૯ સભ્ય, ડીસાની ૨૬ પંચાયત માટે ૬૨ સરપંચ તથા ૧૫૪ સભ્ય, કાંકરેજની ૪૫ પંચાયત માટે ૯૦ સરપંચ તથા ૧૪૪ સભ્ય, ધાનેરાની ૪૫ પંચાયત માટે ૧૩૮ સરપંચ તથા ૨૧૮ સભ્ય, દાંતીવાડાની ૨૮ પંચાયત માટે ૫૩ સરપંચ તથા ૮૨ સભ્ય, થરાદની ૩૮ પંચાયત માટે ૯૬ સરપંચ તથા ૮૭ સભ્ય, વાવની ૩૮ પંચાયત માટે ૧૦૩ સરપંચ તથા ૯૦ સભ્ય, દિયોદરની ૩૬ પંચાયત માટે ૭૭ સરપંચ તથા ૧૧૦ સભ્ય, લાખણી ૨૪ પંચાયત માટે ૭૨ સરપંચ તથા ૧૧૭ સભ્ય, સુઈગામની ૧૭ પંચાયત માટે ૩૨ સરપંચ તથા ૫૫ સભ્ય, ભાભરની ૨૩ પંચાયત માટે ૫૨ સરપંચ તથા ૬૧ સભ્ય વચ્ચે ચૂંટણીનું આયોજન કરવશે

# જમીનના વળતર મુદ્દે ખેડૂતો રોષે ભરાયા, ગાંધીનગર સુધી રેલીની ચીમકી

• પાક્કો ગુજરાત

લાખણી તાલુકાનું લિબાઉ તથા દિયોદર તાલુકાના ના ગામો આવે છે તથા લાખણી તાલુકાના ગામો આવે છે તથા કાંકરેજ તાલુકાના ગામો આવે છે થરાદ-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે માટે જમીન કબ્જેના મુદ્દે ખેડૂતોમાં ભારે રોષ છે.સરકાર દ્વારા ૨૦૧૧ની જૂની જંત્રીના ભાવ મુજબ વળતર આપવાની નોટિસો અપાઈ છે.જેમાં ચોરસ મીટર દીઠ માત્ર ૨૦ થી ૫૦ રૂપિયા સુધીના ભાવ દર્શાવાયા છે.આ નોટિસો જોઈ ખેડૂતો હેરાન થઈ ગયા છે. ખેડૂતોનો આક્ષેપ છે કે સરકાર ઉદ્યોગપતિઓ માટે કામ કરે છે, ખેડૂતોની વેદના સાંભળતી નથી.ખેડૂતોનું કહેવું છે કે હાલના બજાર ભાવ મુજબ ગામમાં ૧ એકર જમીન માટે ૪૫ લાખ રૂપિયા આપ્યા છતાં જમીન મળતી નથી. છતાં સરકાર ૨૦૧૧ના જંત્રીના ભાવો આધારે એવોર્ડ જાહેર કરે છે. ૧૨ વર્ષથી નવી જંત્રી લાગુ કરવામાં આવી નથી. ૨૦૧૨થી ૨૦૨૧ સુધી જંત્રીમાં કોઈ વધારો કરાયો નથી. જમીન કાયમ માટે અધિગ્રહણ કરવામાં આવી છે. છતાં યોગ્ય વળતર મળતું નથી.ખેડૂતોના મકાન અને બોરવેલ પણ કબ્જામાં આવી ગયા છે. તેમનું વળતર હજુ નક્કી કરાયું નથી. જમીનમાં લગાવેલા ડ્રિપ અને ફુવારા પણ રોડમાં કપાતમાં આવી ગયા છે. તેમનું વળતર પણ હજુ સુધી નક્કી કરાયું નથી. બાજુના વિસ્તારમાં પાઈપલાઈન માટે વપરાશી હક્કથી સંપાદન કરાયું છે. ત્યાં ઊંચું વળતર અપાયું છે. છતાં અહીં ખેડૂતોને ન્યાય મળતો નથી. ખેડૂતો કહે છે કે સરકાર મજાક કરે છે. જમીન પચાવી પાડવાનો ઈરાદો રાખે છે. ઊંચા દસ્તાવેજ હોવા છતાં ધ્યાનમાં લેવામાં આવતું નથી. જો સરકાર વેદના નહીં સાંભળે તો ખેડૂતો ગાંધીનગર સુધી રેલી કાઢી ધરણાં પર બેસશે.

**આક્રોશ** મોટા ખાડાઓથી વાહનચાલકોની મુશ્કેલી, ચોમાસા પહેલાં સમારકામની માંગ

# ભરૂચ શહેરમાં રેલવે ગોદીથી આશ્રય સોસાયટી સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં

### વાહનચાલકો અને સ્થાનિક રહીશોએ શહેરીજનોની સલામતી અને સુવિધા માટે રસ્તાનું તાકીદે સમારકામ કરવા પાલિકામાં રજૂઆત

• ભરૂચ

ભરૂચ રેલવે સ્ટેશન નજીક આવેલ રેલવે ગોદીથી આશ્રય સોસાયટી સુધીના માર્ગની હાલત અત્યંત ખરાબ છે. રસ્તા પર મોટા ખાડાઓને કારણે વાહનચાલકો, ખાસ કરીને રીક્ષા અને બાક ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ રસ્તાની સ્થિતિ એટલી ખરાબ છે કે રીક્ષા પલટી જવાનું જોખમ છે. ચોમાસાની ઋતુ નજીક આવી રહી છે ત્યારે વરસાદમાં સ્થિતિ વધુ કથળે તેવી દહેશત છે.પાલિકાએ આ રસ્તાની મરામત માટે મંજૂરી આપી દીધી છે. જોકે કામગીરી ચોમાસા બાદ શરૂ થશે તેવી માહિતી મળી છે. સ્થાનિક વિપક્ષના નેતા સમસાદ અલી સૈયદ અને હેમેન્દ્ર કોઠીવાળાએ સ્થળની મુલાકાત લીધી છે. તેમણે તાત્કાલિક કેમ્પર નાખીને પેચવર્ક કરવા અને મોટા ખાડા પૂરવાની માંગ કરી છે.

વાહનચાલકો અને સ્થાનિક રહીશોએ શહેરીજનોની સલામતી અને સુવિધા માટે રસ્તાનું તાકીદે સમારકામ કરવા પાલિકામાં રજૂઆત કરી છે.





ભરૂચના જાગૃત નાગરિક અબ્દુલ કામથીએ સમગ્ર ઘટનામાં દુઃખ વ્યક્ત કર્યું

# અમદાવાદ પ્લેન ક્રેશ:દુર્ઘટનામાં ભરૂચ જિલ્લાના ત્રણથી વધુ લોકોના મૃત્યુ, શોકનો માહોલ છવાયો

**કરૂણાંતિકા** અલ્તાફ હુસેન પટેલ ( સાંસરોદ) ના તેમની સાસુ તાજુ હુસેના તથા સસરા તાજુ આદમના મોત

**ભરૂચના સાજેદા સલીમભાઈ મિસ્ટર,જે ભરૂચના જંબુસર બાયપાસ પાસે આવેલી આલમીના પાર્કમાં નિવાસ કરતાં હતાં, તેઓ પોતાની પુત્રીને મળવા લંડન જઈ રહ્યા હતા**

• ભરૂચ

અમદાવાદથી લંડન ગેટવિક માટે નીકળેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI 171 આજે બપોરે દુર્ઘટનાગ્રસ્ત બની હતી. બોઈંગ વિમાન શહેરના મેઘાણીનગર વિસ્તારમાં આવેલા આઈજીપી કમ્પાઉન્ડમાં ક્રેશ થયું હતું. વિમાને 1.38 વાગ્યે ટેકઓફ કર્યા બાદ માત્ર બે જ મિનિટમાં દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં અનેક લોકોના મોત થયા છે.

વિમાનમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, 7 પોર્ટુગીઝ અને 1 કેનેડિયન નાગરિક હતા. ઘટનાની જાણ થતાં અમદાવાદ મ્યુનિસિપલ ફાયર ટીમ, એમ્બ્યુલન્સ અને પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સમગ્ર વિસ્તારમાં રાહદારી તેમજ વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો.આ દુર્ઘટનામાં ભરૂચ જિલ્લાના ત્રણથી વધુ લોકોના મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું છે.

જેમાં ભરૂચના સાજેદા સલીમભાઈ મિસ્ટર,જે ભરૂચના જંબુસર બાયપાસ પાસે આવેલી આલમીના પાર્કમાં નિવાસ કરતાં હતાં, તેઓ પોતાની પુત્રીને મળવા લંડન જઈ રહ્યા હતા. દુર્ઘટનામાં તેમનો દોર સમાપ્ત થયો.

ભરૂચના મુમતાઝ પાર્કમાં રહેતા અલ્તાફ હુસેન પટેલ ( સાંસરોદ ) ના તેમની સાસુ તાજુ હુસેના તથા સસરા તાજુ આદમ સાથે ઈદ ઉજવી લંડન પરત ફરી રહ્યા હતા. દુર્ઘટનામાં ત્રણેયના મૃત્યુના સમાચાર મળતા મુમતાઝ સોસાયટીમાં શોક છવાઈ ગયો છે. જ્યારે જંબુસરના સરોદ ગામના ભાજપ અગ્રણી સલીમ પટેલના પુત્ર સાહીલ પટેલ, લંડનમાં સ્ટુડન્ટ વિઝા પર અભ્યાસ માટે જઈ રહ્યા હતા. તે પણ અકસ્માતનો ભોગ બન્યો છે.ભરૂચના જાગૃત નાગરિક અબ્દુલ કામથીએ સમગ્ર ઘટનામાં દુ:ખ વ્યક્ત કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે તથા ઘાયલોની તુરંત સારવાર થાય અને તેઓ જલદી સાજા થાય તેવી પ્રાર્થના કરી છે.અહિ ઉલ્લેખનીય છે કે, આ દુર્ઘટના ઘણા પરિવારો માટે કદી નહીં ભુલાય તેવી કરૂણ યાદગીરી બની રહેશે.



અંકલેશ્વર નવીનગરી વિસ્તારમાં ગુરૂદ્વારાની બાજુમાં

# ખુલ્લી જગ્યામાં જુગાર રમતા આઠને ઝડપી પાડતી અંકલેશ્વર શહેર “એ” ડિવિઝન પોલીસ

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર શહેરના નવી નગરી વિસ્તારમાં ગુરુદ્વારાની બાજુમાં ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર અંકલેશ્વર શહેર “એ” ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં 8 જુગારીઓની ધરપકડ કરી હતી.

પી.આઈ. પી.જી.ચાવડાના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે તાત્કાલિક કાર્યવાહી કરતાં પોલીસે સ્થળ પરથી રોકડ રૂપિયા 11 હજાર અને ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.20 હજારથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પકડાયેલા આરોપીઓમાં અજિતસિંગ પ્રેમસિંગ અંડ્રેલે, સુંદરસિંગ જોગિંદર સિંગ સરદારજી, હરપાલસિંગ નેહાલસિંગ સિકલીગર, માયાસિંગ રામસિંગ ભાટિયા, રફતારસિંગ મનજિતસિંગ દુધાની, અર્જુનસિંગ હરિસિંગ, હરજીતસિંગ દરબારસિંગ સિકલીગર અને મિલિન્દ્રરસિંગ સંતોકસિંગ સિકલીગરનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



## અંકલેશ્વર આંબોલી દારૂ કેસનો ફરાર બૂટલેગર ઝડપાયો

• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વર આંબોલી ગામે નીલગીરીના ખેતરમાં ઓરડી પાછળ સંતાડેલા રૂ.56 હજારના દારૂ પ્રકરણમાં અંતે વોન્ટેડ બુટલેગરને પોલીસે ઝડપી પાડ્યો હતો. ગત 21 મી મેના રોજ અંકલેશ્વર શહેર “એ” ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે સમય દરમિયાન બાતમી મળી હતી કે, આંબોલી ગામના બુટલેગર અજય વસાવાએ આંબોલી ગામની સીમમાં ઓ.એન.જી.સી-4 પ્લાન્ટની સામે કેનાલ કિનારાના અંદરના ભાગે આવેલ નીલગીરીના ખેતરમાં દારૂનો જથ્થો સંતાડેલો છે. પોલીસે દરોડો પાડતાં દારૂની 312 બોટલ મળી આવી હતી. પોલીસના દરોડો દરમિયાન બુટલેગર ફરાર થઈ ગયો હતો. છેલ્લા 20 દિવસથી નાસતો ફરતો હતો. આરોપી વિશે ચોકકસ માહિતી મળતાં પોલીસે દરોડો પાડી તેને ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો કોની પાસેથી લાવ્યો તે અંગે વધુ પૂછપરછ માટે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં

# એક કન્સ્ટ્રક્શન સાઈટ પર અચાનક સાપોનું ઝુંડ દેખાતા શ્રમિકોમાં કૂતુહલ

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકામાં એક કન્સ્ટ્રક્શન સાઈટ પર અચાનક સાપોનું ઝુંડ દેખાતા ચકચાર મચી ગઈ છે. સાઈટ પર કામ કરતા શ્રમિકો આ જોઈને ગભરાઈ ગયા હતા.આમોદની કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેતા શ્રમિકોએ એક બ્લોકમાં અનેક સાપો એકસાથે જોયા હતા.

ભરૂચના નેચર પ્રોટેક્શન ચેરીટેબલ ટ્રસ્ટના હિરેન શાહે આ સાપો વિશે મહત્વપૂર્ણ માહિતી આપી છે. તેમના જણાવ્યા મુજબ, આ બફ સ્ટ્રાઈપ્ડ કીલબેક (એમ્ફિસ્મા સ્ટોલેટમ) નામની બિન ઝેરી સાપની પ્રજાતિ છે. આ સાપ સામાન્ય રીતે શાંત સ્વભાવના હોય છે અને દેડકા ખાય છે. તેઓ નેટ્રિસીના સબફેમિલીના છે અને પાણીના તથા ઘાસના સાપો સાથે સંબંધિત છે. આ સાપ અમેરિકન ગાર્ટર સાપની એશિયન આવૃત્તિ જેવા દેખાય છે. આ પ્રજાતિ ઝુંડમાં રહે છે અને સામાન્ય હોવા છતાં ભાગ્યે જ જોવા મળે છે.



# અંકલેશ્વરમાં નર્મદા નદીમાં ન્હાવા પડેલી પરણીત યુવતી પાણીમાં તણાઈ



• કેતન મહેતા, અંકલેશ્વર

અંકલેશ્વરમાં નર્મદા નદી કિનારે જલારામ સોસાયટીની 22 વર્ષીય મધુ દીપુ સિંહ તેના ભાઈ સાથે ગોલ્ડન બ્રિજ નજીક કોવિડ સ્મશાન પાસે નર્મદા નદીમાં ન્હાવા ગઈ હતી.

નદીમાં ન્હાતી વખતે મધુ અચાનક પાણીના પ્રવાહમાં તણાવા લાગી હતી. ભાઈએ મદદ માટે બૂમો પાડી હતી. સ્થાનિક લોકોએ તરત જ સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીને જાણ કરી હતી.

આ ઘટનાની માહિતી મળતાં ફાયર વિભાગ, સ્થાનિક તરવૈયાઓ અને પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યા હતા. યુવતીની શોધખોળ માટે રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. અંકલેશ્વર શહેર “બી” ડિવિઝન પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત

# ઝાડેશ્વર સ્થિત સંસ્કાર ભારતી અને એમિકસ ઈન્ટરનેશનલ સ્કૂલને DEO ની નોટિસ

### શાળાના નામ અને લોગોવાળી નોટબુક વેચાણ મામલે DEO એ ખુલાસો માગ્યો




• કેતન મહેતા, ભરૂચ

ભરૂચમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ બે ખાનગી શાળાઓને ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારીએ નોટિસ ફટકારી છે. ઝાડેશ્વર સ્થિત સંસ્કાર ભારતી સ્કૂલ અને એમિકસ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને શાળાના નામ અને લોગોવાળી નોટબુક વેચવાના મામલે ખુલાસો માગવામાં આવ્યો છે.

સામાજિક કાર્યકર યોગી પટેલે આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે શાળા સંચાલકો દ્વારા વાલીઓને ચોક્કસ દુકાનમાંથી જ સ્ટેશનરી, યુનિફોર્મ અને પુસ્તકો ખરીદવાનું દબાણ કરાતું હોવાની ફરિયાદ કરી હતી. આ ફરિયાદ બાદ શિક્ષણ વિભાગે તમામ શાળાઓને પરિપત્ર દ્વારા વાલીઓ પર દબાણ ન કરવા ચેતવણી આપી હતી. ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે જણાવ્યું હતું કે જો શાળાઓ તરફથી નોટિસનો સંતોષકારક જવાબ આપવામાં નહીં આવે તો રૂ. 10 હજારથી થી રૂ. 25 હજાર સુધીનો દંડ ફટકારવામાં આવશે.

સંસ્કાર ભારતી સ્કૂલના એડમિનિસ્ટ્રેટર શર્મિલા દાસે સ્પષ્ટતા કરી છે કે તેમની શાળા વાલીઓને લોગોવાળી નોટબુક ખરીદવાનું દબાણ કરતી નથી. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને સામાન્ય નોટબુકનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવે છે.

# ગડખોલના શ્રીજીનગરમાં મોબાઇલ-લેપટોપની ચોરી કેસમાં બે આરોપી ઝડપાયા, એક ફરાર

### પકડાયેલા આરોપી અરબાઝશા જલાલુદ્દીનશા શાહે કબૂલાત કરી

• કેતન મહેતા, ભરૂચ

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે અંક્લેશ્વર શહેરના ગડખોલ ગામે શ્રીજીનગરમાં થયેલી ચોરીના કેસમાં બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસ ઈન્સપેક્ટર એમ.પી.વાળાની સૂચના મુજબ, થોડા દિવસ પહેલા શ્રીજીનગરમાંથી રાત્રી દરમિયાન બે મોબાઈલ અને લેપટોપની ચોરી થઈ હતી.પોલીસે સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ હાથ ધરી હતી. પો.સ.ઈ આર.કે.ટોરાણીની ટીમને મળેલી માહિતીના આધારે મીરાનગર વિસ્તારમાંથી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપી અરબાઝશા જલાલુદ્દીનશા શાહે કબૂલાત કરી હતી કે, સાત-આઠ દિવસ પહેલા રાત્રે તે અને ઔરંગઝેબ શ્રીજીનગર સોસાયટીમાં ગયા હતા. બે માળના મકાનના ઉપરના માળે રૂમનો દરવાજો ખુલ્લો હોવાથી દીવાલ પરથી ચડીને ચોરી કરી હતી.

બીજા દિવસે મોબાઈલના લોક તોડવા માટે તેમણે તેમના મિત્ર દાનીશ સમીમ શેખનો સંપર્ક કર્યો હતો. ચોરી કરેલા મોબાઈલ અને લેપટોપ ઔરંગઝેબ વેચવા માટે લઈ ગયો હતો. પોલીસે અરબાઝશા અને દાનીશ શેખની ધરપકડ કરી છે, જ્યારે ઔરંગઝેબને વોન્ટેડ જાહેર કર્યો છે.પકડાયેલા બંને આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી અંક્લેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં વધુ તપાસ માટે સોંપવામાં આવ્યા છે.




# ભરૂચનું તાપમાન વધી 38 ડિગ્રી થતાં ગરમીમાં વધારો



• ભરૂચ

ભરૂચ જિલ્લામાં તાપમાન વધતા ફરી ગરમીનું પ્રમાણ વધ્યું છે. જેને લઈને ભરૂચ જિલ્લામાં દિવસ દરમિયાન લોકોએ ગરમી અનુભવી હતી. ચાર દિવસથી માવઠું થયું નથી ત્યારે ભરૂચનું મહત્તમ તાપમાન 38 ડિગ્રી સુધી થયું છે. જેના કારણે લોકો બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ઓછું કર્યું હતું. માવઠા સ્મયાએ બફારો તો હવે તાપમાન વધતાં ગરમી અનુભવાઈ રહી છે. ત્યારે ફરી ઓફિસ અને ઘરમાં એસી નો ઉપયોગ વધ્યો છે. આમ લઘુત્તમ તાપમાન 29 ડિગ્રી રહ્યું હતું. જ્યારે ભેજનું પ્રમાણ 50 થી 70 ટકાની આસપાસ રહ્યું હતું. પવનની ગતિ 13 કિમી પ્રતિ કલાકની નોંધાઈ હતી. આમ હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ચાર દિવસ દરમિયાન મહત્તમ તાપમાન વધીને 39 ડિગ્રી થવાની શક્યતા છે.

# દહેજ મરીન પો.સ્ટે.ના વિશ્વાસઘાતના ગુનાના નાસતા-ફરતા ઇસમને ઝડપી પડાયો

### રાજસ્થાનના જોધપુર ખાતેથી ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ

• કેતન મહેતા, ભરૂચ

પો.ઈન્સ.એ.કે.જાડેજાનાઓના માર્ગદર્શન હેઠળ ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમના માણસો ભરૂચ જિલ્લાના બનેલ ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓ પકડવા માટે રાજસ્થાનના જોધપુર ખાતે તપાસમા ગયેલ હતા. તે સમય દરમ્યાન મળેલ બાતમી, હ્યુમન સોર્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે દહેજ મરીન પો.સ્ટે. નોંધાયેલ ઈ.પીકો.કલમ તથા અંકલેશ્વર શહેર “એ” ડીવી.પો.સ્ટે. નોંધાયેલ ઈ.પીકો. કલમ મુજબના ગુનાના કામે નાસતા ફરતા ઈસમ શેનુ ઉર્ફે અબ્દુલ વાહીદ અહમદ હુસેન બેલીમ (રહે.રૂડકલી, તા.જી.જોધપુર, રાજસ્થાન.) નાઓને વાગરા જી.ઈ.બી. ચોકડી ખાતેથી હસ્તગત કરવામાં આવેલ છે. તેમજ આગળની કાર્યવાહી કરવા માટે દહેજ મરીન પો.સ્ટે.સુપ્રત કરવામાં આવેલ છે.



**અમાનવિય કૃત્ય** એટલા માર્યા કે એકને ફ્રેક્ચર થઈ ગયું; બે વેપારીની ધરપકડ કરવામાં આવતાં ચકચાર મચી

# સુરતમાં બે યુવકને તાલિબાની સજા, :ચોરીની શંકાએ બે વ્યક્તિને નિર્વસ્ત્ર કરી ઊઠકબેઠક કરાવી

## દુકાનમાં લઈ જઈને બંને શખ્સને નિર્વસ્ત્ર કરાયા હતા : “અમે ચોર છીએ” બોલાવવા દબાણ પણ કરવામાં આવ્યું હતું

• સુરત

સુરતના રીંગરોડ વિસ્તારમાં આવેલી અનમોલ માર્કેટમાં બે વ્યક્તિઓ સાથે થયેલી અમાનવીય ઘટનાનો વીડિયો વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનામાં માત્ર ચોરીની શંકાના આધારે બે યુવકોને નિર્વસ્ત્ર કરી, માર મારી અને અપમાનિત કરવામાં આવ્યા હતા. આ મામલે વીડિયો વાયરલ થતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બે વેપારીઓની ધરપકડ કરી છે.

આ ઘટના 10 જૂનના રોજ અનમોલ માર્કેટમાં બની હતી. ભોગ બનનાર બંને શખ્સ છૂટક મજૂરી કરે છે અને સાડી ફોલ્ડિંગ તથા કટિંગનું કામ કરે છે. તેઓ મજૂરીના કામ માટે અનમોલ માર્કેટમાં ગયા હતા. માર્કેટના કેટલાક વેપારીઓને એવી શંકા ગઈ કે આ યુવકો ચોરી કરવા આવ્યા છે. આ શંકાના આધારે તેમને માર્કેટમાં આવેલી દુકાન નંબર 230માં લઈ જવામાં આવ્યા હતા.

દુકાનમાં લઈ ગયા બાદ દુકાનના શટર પાડી દેવામાં આવ્યા. ત્યારબાદ બંને યુવકોના કપડાં કઢાવી તેમને નિર્વસ્ત્ર કરવામાં આવ્યા હતા. આ સમયે તેમને અપમાનજનક શબ્દો બોલીને અપમાનિત કરવામાં આવ્યા હતા. એટલું જ નહીં તેમને કાન પકડીને ઉઠક-બેઠક કરાવવામાં આવી અને લાકડી વડે બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. આ માર મારવાના કારણે એક શખ્સને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને ફ્રેક્ચર પણ થયું છે. આ ઘટનાનો વીડિયો ત્યાં હાજર કેટલાક વેપારીઓ દ્વારા બનાવવામાં આવ્યો હતો, જે બાદમાં વાયરલ થયો હતો.વાયરલ થયેલા વીડિયોમાં જે દ્રશ્યો જોવા મળે છે તે અત્યંત હૃદયદ્રાવક અને અમાનવીય છે. બંને યુવકોને નિર્વસ્ત્ર અવસ્થામાં ઉભા રાખીને દંડા વડે ફટકારવામાં આવી રહ્યા છે. તેમને કાન પકડીને ઉઠક-બેઠક કરાવવામાં આવે છે અને “અમે ચોર છીએ અને હવે પછી અમે માર્કેટમાં નહીં આવીએ” તેવા શબ્દો બોલાવવા માટે દબાણ કરવામાં આવે છે. આ ઘટનાએ સુરત જેવા આર્થિક પાટનગર ગણાતા શહેરમાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

આ બાબતે એસીપી ચિરાગ પટેલે જણાવ્યું હતું કે, શરૂઆતમાં આ ઘટના પોલીસના ધ્યાને આવી નહોતી કારણ કે તે માર્કેટની અંદર બની હતી, પરંતુ જ્યારે વીડિયો વાયરલ થયો અને પોલીસ સુધી પહોંચ્યો, ત્યારે સલાબતપુરા પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસે જાતે ગુનો દાખલ કર્યો. પોલીસે પીડિતોના ઘરે જઈને પૂછપરછ કરી અને તેમની ફરિયાદ નોંધી છે.



### જીપીસીબીએ સુરત ડાયમંડ બુર્સ સામે 8 વર્ષ પહેલાં કરેલા ફોજદારી કેસ

# સરકારની સૂચનાથી જીપીસીબીએ સુરત ડાયમંડ બુર્સ સામે કરેલી ફરિયાદ પાછી ખેંચી લીધી

**ઘીના ઠામમાં ઘી** સુરત ડાયમંડ બુર્સના સંચાલકો દ્વારા સરકાર પાસેથી એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવ્યું (EC) નહોતુ

**ફોજદારી ફરિયાદ પોતે આગળ ચલાવવા માંગતા ન હોઈ આંક-54 હેઠળ વીથ ડ્રો પુરસીસ રજુ કરી લોક અદાલતમાં ફરિયાદ ફેંસલ કરવામાં આવી છે**

• સુરત

સુરત જિલ્લના ચોર્યાસી તાલુકાના ખજોદ ગામમાં બ્લોક નં. 177-પીમાં માર્ચ 2018માં હાથ ધરેલા સુરત ડાયમંડ બુર્સ પ્રોજેક્ટના 8 સંચાલકોએ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમનો ભંગ કર્યો હતો. ત્યારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમના ભંગ બદલ આઠ વર્ષ પહેલાં સુરત ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કરેલી ફોજદારી ફરિયાદ સરકારની સુચનાથી ફરિયાદી ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના અધિકારીએ વિથ ડ્રો પુરસીસથી 31મી મેના રોજ પરત ખેંચી લીધી હોવાનું સામે આવ્યું છે.

સુરતના રીંગરોડ બેલ્જીયમ સ્કવેર સ્થિત ગુજરાત પ્રદૂષણ બોર્ડની કચેરીના ફરિયાદી રીજીયોનલ ઓફિસર એમ.એસ.ડસાણી, એસ.એચ.વૈજ્જનાપુરકરે 16-3-2018ના રોજ ચોર્યાસી તાલુકાના ખજોદ ગામના બ્લોક નં. 177-પીમાં આવેલા સુરત ડાયમંડ બુર્સ પ્રોજેક્ટ સ્થળ તપાસ કરી હતી. સુરત ડાયમંડ બુર્સ પ્રોજેક્ટના સંચાલક મહેશ ગઢવીને મળીને જીપીસીબીના અધિકારીઓએ ઈ.પી.એક્ટની કલમ-10 હેઠળ નોટીસ આપીને સ્થળ તપાસ કરી હતી. આ દરમિયાન સામે આવ્યું હતું કે, સુરત ડાયમંડ બુર્સના સંચાલકો દ્વારા સરકાર પાસેથી એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવ્યું (EC) નહોતુ. આ અંગે બોર્ડના અધિકારીઓ દ્વારા જવાબદાર વ્યક્તિ પાસેથી ઈસી માંગતા તેઓ બતાવી શક્યા નહોતા.

જીપીસીબીના અધિકારીઓએ સુરત ડાયમંડ બુર્સના કર્તાહકર્તા પાસેથી ઈસી ઉપરાંત સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પરવાનગી, ટોટલ પ્લોટ એરિયા, બિલ્ટઅપ એરિયા, બાંધકામ શરૂ કરવાની તારીખ, ડિરેક્ટર્સના નામ, સરનામા સહિતની વિગતો રજુ કરવા જણાવવામાં આવ્યું હતું.

જેના અનુસંધાને પ્રોજેક્ટના સંચાલકો દ્વારા પ્રોજેક્ટને બિલ્ટઅપ એરીયા 83,372.68૬૮ ચો.મી. નો દર્શાવ્યો હતો. વધુમાં આ પ્રોજેક્ટ એન્વિરોન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસર્સમેન્ટ (EIA) નોટિફિકેશન 14-9-2006ના શિડ્યુલ-8માં આવતો હોવાનું તથા એન્વાયર્નમેન્ટ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવા અરજી કરી હોવાનું જણાવ્યું હતુ. પરંતુ ઈસી સર્ટિફિકેટ મળે તે પહેલાં લેન્ડ પ્રિપેરેશન તથા બાંધકામ શરૂ કરી દેવામાં આવ્યું હતુ. જેથી જીપીસીબીના રીજીયોનલ અધિકારીએ સુરત ડાયમંડ બુર્સ તથા આઠ સંચાલકો સામે 21-5-2018ના રોજ ભારત સરકારના પર્યાવરણ અને વનમંત્રાલયના નોટિફિકેશનના ભંગ બદલ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ 1986 ની કલમ-15 સાથે કલમ 16 અને 19 હેઠળ સુરત ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.અલબત્ત ફરિયાદ દાખલ થયા બાદ છેલ્લાં સાત વર્ષો સુધી આરોપી સંચાલકો સામે પ્રોસેસ ઈસ્યુનો સ્ટેજ દર્શાવવામાં આવ્યો હતો. દરમિયાન 14-5-2025ના રોજ સુરત જિલ્લા કલેકટરના પત્રથી સરકારની સુચના મુજબ સુરત ડાયમંડ બુર્સનુ સંચાલકો સામેના પ્રદૂષણ નિયંત્રણ દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમની જોગવાઈ હેઠળ સુરત ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં દાખલ કરેલા ફોજદારી કેસને પરત ખેંચવા જણાવવામાં આવ્યું હતુ. જેથી 31-5-2025ના રોજ જીપીસીબીએ સુરત ડાયમંડ બુર્સ સામે 8 વર્ષ પહેલાં કરેલા ફોજદારી ફરિયાદ પોતે આગળ ચલાવવા માંગતા ન હોઈ આંક-54 હેઠળ વીથ ડ્રો પુરસીસ રજુ કરી લોક અદાલતમાં ફરિયાદ ફેંસલ કરવામાં આવી છે.

# સુરતમાં આગામી 5 વર્ષમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 30 હજાર આવાસ માટે લક્ષ્યાંક

### આવાસમાં ઝુંપડાવાસીઓને વસવાટ કરવામાં આવ્યા હતા

• સુરત




ગુજરાતના અન્ય શહેરો કરતા સુરત શહેરમાં સ્લમનું પ્રમાણ મોટી માત્રામાં ઘટી રહ્યું છે. સુરતમાં સ્લમની સંખ્યા ઘટવા પાછળ સરકારની વિવિધ યોજના હેઠળ બની રહેલાં આવાસ છે. પાલિકા વિસ્તારમાં વિવિધ યોજનાઓ હેઠળ બની રહેલી આવાસ લોકો માટે ઘણાં જ કિફાયતી છે અને મોટી સંખ્યામાં બની રહ્યા છે. આવી સ્થિતિમાં આગામી પાંચ વર્ષમાં સુરત શહેર વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વધુ 30 હજાર આવાસ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે ડિઝાઈન કન્સલ્ટન્ટની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિઝાઈન કન્સલ્ટન્ટ દ્વારા એક હોલ રૂમ કિચન અને બે રૂમ હોલ કિચન માટે અલગ અલગ પ્લાનીગ રજુ કરવામાં આવ્યું હતું.

એક સમયે સુરત શહેર ઝૂંપડપટ્ટીની સંખ્યા ઘણી જ વધુ હતું. ભુતકાળમાં સુરતના તાપી નદી કિનારે તથા શહેરમાંથી પસાર થતી ખાડી કિનારે ઉપરાંત શહેરમાં હાલ જ્યાં ગોપી તળાવ છે તેની આસપાસ સંખ્યાબંધ ઝુંપડા હતા. શરૂઆતના સમયમાં કેન્દ્ર સરકારની જે.એન.યુ.આર.એમ. યોજના હતી. જેમાં સુરતના તાપી કિનારે વસેલું બાપુનગર, નેહરુનગર સહિતની અનેક ઝૂંપડપટ્ટીનું કોસાડ અને ભેસ્તાન ખાતે બનેલા આવાસમાં ઝુંપડાવાસીઓને વસવાટ કરવામાં આવ્યા હતા. સુરત શહેરમાં એન.યુ.આર.એમ. યોજના હેઠળ આવાસ બનાવવાની શરૂઆત થઈ હતી ત્યારથી જ સુરત શહેરમાં ઝૂંપડપટ્ટીની સંખ્યામાં ઘટાડો થવાનું શરૂ થયું હતું. ત્યાર બાદ સુરતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના ઉપરાંત વિવિધ યોજના હેઠળ આવાસ બનાવાનું શરૂ થયું છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ઉપરાંત અન્ય આવાસ યોજનાની ગુણવત્તામાં સતત વધારો થઈ રહ્યો છે. તેથી આવાસની ડિમાન્ડ પણ વધી રહી છે. જેના કારણે આગામી પાંચ વર્ષમાં વધુ 30 હજાર આવાસ બનાવવા માટેનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ આવાસ માટે ડિઝાઈન બનાવવા માટે ડિઝાઈન કન્સલ્ટન્ટની રાજ્ય સરકાર દ્વારા નિયુકત 15 કન્સલટન્ટો સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં 15 પૈકી 8 ડિઝાઈન કન્સલટન્ટો હાજર રહ્યા હતા. પાલિકાના અધિકારીઓની હાજરીમાં આ પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યુ હતું. જેમાં 8 ડિઝાઈન કન્સલ્ટન્ટ દ્વારા એક હોલ રૂમ કિચન અને બે રૂમ હોલ કિચન માટે અલગ અલગ પ્લાનીગ રજુ કરવામાં આવ્યું હતું. આ બેઠક બાદ હવે આગામી દિવસોમાં ક્યા પ્લાન અને કઈ ડિઝાઈન હેઠળ આગળ વધવું તે માટે નિર્ણય કરાશે.

# કિસાન સંમેલનમાં ખેડૂતોના હિતની વાતો થશે પણ અનેક સમસ્યા ઉકેલાઈ નથી


### બે કંપની વીજ લાઇનનું યોગ્ય વળતર ચૂકવતી નથી

• સુરત

રાજયના મુખ્યમંત્રી ગુરૂવારે સુરત જિલ્લામાં કિસાન સંમેલનમાં પધારી રહ્યા છે ત્યારે આ સંમેલનમાં ખેડુતોના હિતની વાતો કરવાની સાથે સાથે હાલમાં જ ખેડુતો પર જે આફતો પર આફતો આવી રહી છે.તે કમોસમી માવઠાના કારણે થયેલ નુકસાન, પાવરગ્રીડ લાઈનના વળતર, રસાયણિક ખાતરની ચોરી જેવા ખેડુતોને સ્પર્શતા મુદ્દાને લઈને પણ ખેડુતોના હિતમાં જાહેરાત કરીને હાલમાં જે આર્થિક નુકશાન વેઠી રહ્યા છે. તેમાં પગભર થાય તેવી માંગ ખેડુત સમાજમાંથી ઉઠી રહી છે.

બારડોલીના સાકરી ગામે આવતીકાલ ગુરૂવારે કિસાન સંમેલન યોજાઈ રહ્યુ છે. આ સંમેલનમાં સુરત જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાંથી અંદાજે પાંચ હજાર ખેડુતો ભાગ લેનાર છે. આ સંમેલનમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ હાજર રહેવાના છે.આ સંમેલનને લઈને સુરત જિલ્લા ખેડુત સમાજના પ્રમુખ પરિમલ પટેલના જણાવ્યા મુજબ મુખ્યમંત્રી કિસાન સંમેલનમાં જ આવી રહ્યા હોઈ તો ખેડુતોના હિતમાં પણ નિર્ણયો જાહેર કરવા જોઈએ. કેમકે હાલમાં કમોસમી માવઠાના કારણે ખેડુતોને ડાંગર સહિતના પાકોમાં વ્યાપક નુકશાન થયુ છે. આથી ખેડુતોના હિતમાં પેકેજ જાહેર કરવુ જોઈએ. સૌથી વધુ મહત્વની બાબત બીજી એ છે કે હાલમાં સુરત જિલ્લામાંથી પાવરગ્રીડ અને સ્ટર્લાઈટ કંપનીની વીજ ટ્રાન્સમીશનની લાઈન પસાર થઈ રહી છે. અને આ લાઈનને લઈને ખેડુતો વળતરના મુદ્દે જોરશોરથી લડત ચલાવી રહ્યા છે. અને હાલમાં કામગીરી પણ બંધ કરાવી દીધી છે ત્યારે મુખ્યમંત્રીએ ખેડુતોના હિતમાં ખેડુતોને સારામાં સારુ વળતર મળે તેવી જાહેરાત કરવી જોઈએ.

### અમદાવાદ પ્લેન ક્રેશમાં મોતને ભેટનાર પરિવાર લંડનથી સુરત પિતાને મળવા આવ્યા હતાં



• સુરત

સુરતના રામપુરા વિસ્તારમાં અબ્દુલ્લા નાનાબાવા પત્ની સાથે રહે છે. તેમનો દીકરો અકીલ અબ્દુલ્લા નાનાબાવા (ઉ.વ. 32), પત્ની હાના અકીલ નાનાબાવા (ઉ.વ. 31) અને સારા અકીલ નાનાબાવા દીકરી છે. જેઓ વર્ષોથી લંડનમાં રહે છે. અકીલ બિઝનેસ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા દિવસ અગાઉ બકરી ઈદ હતી, ત્યારે બદરી ઈદ મનાવવા માટે સુરતના રામપુરા વિસ્તારમાં રહેતા અને લંડનમાં વસવાટ માટે ગયેલા અકીલ તથા તેમના પત્ની હાનાબેન અને દીકરી સારા તેમના માતા-પિતાને સરપ્રાઈઝ આપવા આવ્યા હતા.જેઓ બકરી ઈદની ઉજવણી કર્યા બાદ ફરી લંડન જઈ રહ્યા હતા. આ દરમિયાન પ્લેનમાં દુર્ઘટના થઈ હતી. ત્યારે આ પરિવાર પણ દુર્ઘટનાગ્રસ્ત પ્લેનમાં સવાર હોવાનું તેમના નજીકના સંબંધીઓએ જણાવ્યું હતું. જેથી અકીલના માતા અને પિતા બાય રોડ અમદાવાદ જવા રવાના થઈ ચૂક્યા છે. પરિવારજનો અને સમાજના લોકો આ પરિવાર સુરક્ષિત હોય તેવી આશા વ્યક્ત કરી રહ્યા છે.

### સુરત શિક્ષણ સમિતિમાં સત્ર શરું થઈ ગયું

# ગણવેશ બુટ મોજા વિતરણ શરૂ થયું પણ હજુ સુધી તો પુસ્તકો મળ્યા નથી

• સુરત

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પહેલી વાર શાળા સત્ર શરૂ થવાની સાથે જ નવો વિવાદ શરૂ થયો છે. પહેલી વખત વિદ્યાર્થીઓને ગણવેશ અને બુટ મોજા તો આપવાનું શરૂ થયું છે પરંતુ હજી પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ સુધી પહોંચ્યા નથી. સમિતિ પાસે પાઠ્યપુસ્તક આવી ગયાં છે પરંતુ સ્કૂલ સુધી પહોંચવામાં હજી થોડા સમય લાગશે તેથી હાલ શિક્ષકો સામાન્ય અભ્યાસ વિદ્યાર્થીઓને કરાવી રહ્યાં છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દર વર્ષે સત્ર શરૂ થયાના લાંબા સમય બાદ ગણવેશ અને બુટ મોજા મળ્યા ન હોવાના કારણે વિવાદમાં આવે છે. આ વર્ષે ભાજપ શાસકોએ શાળા સત્ર શરૂ થવા સાથે જ ગણવેશ આપી દેવા માટે જાહેરાત કરી હતી. પહેલીવાર વેકેશન પડે તે પહેલાં જ ગણવેશ અને બુટ મોજા શાળામાં પહોંચી ગયા હતા. શાળા સત્ર શરૂ થયુંને હાલ પાંખી હાજરીમાં વિદ્યાર્થીઓ આવી રહ્યાં છે અને શાળામાં ગણવેશ અને બુટ મોજાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

સમિતિની શાળાઓમાં ગણવેશ અને બુટ મોજા તો પહોંચી ગયાં છે પરંતુ અન્ય એક વિવાદ બહાર આવ્યો છે. શાળામાં ગણવેશ અને બુટ મોજા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે પરંતુ શાળા સુધી હજી પાઠ્ય પુસ્તકો મળ્યા નથી. આવી અનેક ફરિયાદ વચ્ચે શાળામાં શિક્ષકો વિદ્યાર્થીઓને વગર પુસ્તકે શિક્ષણ આપવા પ્રયાસ કરી રહ્યાં છે. હાલમાં હાજરી ઓછી છે પરંતુ શિક્ષકો વાંચન કે લેખન વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

સમિતિ દ્વારા એવું કહેવામાં આવી રહ્યું છે કે પુસ્તક આવી ગયાં છે પરંતુ હજી સુધી કેટલીક શાળાઓ સુધી પહોંચ્યા નથી. આગામી સોમવાર સુધીમાં તમામ પુસ્તકો વિદ્યાર્થીઓને મળી જશે ત્યારબાદ રાબેતા મુજબ અભ્યાસક્રમ શરૂ થઈ જશે. આમ પાલિકાની શાળામાં બુટ મોજા અને ગણવેશ તો મળી ગયાં છે પરંતુ સૌથી વધુ જરૂર છે તેવા પુસ્તકો મળ્યા ન હોવાથી અનેક શાળામાં શૈક્ષણિક કાર્ય શાળા શરૂ થયાના એક સપ્તાહ બાદ શરૂ થશે.

# લબરમૂછિયાને લૂંટનાર રીક્ષાવાળો અને શાકભાજીનો વેપારી ઝડપાયો

### ચાલુ રીક્ષાએ માર મારી લૂંટ ચલાવાઈ

• સુરત

સુરતના વાલક મિશન રોડ પર ફર્નિચરનું કામ પતાવી વાલક પાટીયા પાસેથી રીક્ષામાં બેસેલા 18 વર્ષીય લબરમૂછિયાને પાસોદરા ગઢપુર જવાના રોડ પર લઈ જઈ ચાલુ રીક્ષાએ માર મારી લૂંટ ચલાવાઈ હતી. રોકડા રૂ. 10 હજાર અને મોબાઈલ ફોન મળી રૂ. 17 હજારની મત્તાની લૂંટ કરી બાદમાં માર મારવાનું ચાલુ રાખતા લબરમુછિયો ચાલુ રીક્ષામાંથી કુદતા તેને ઈજા થઈ હતી. બનાવ અંગે લસકાણા પોલીસે ગુનો નોંધી રીક્ષાચાલક અને તેના મિત્ર શાકભાજીના વેપારીની ધરપકડ કરી છે.મળતી માહિતી પ્રમાણે, મૂળ રાજસ્થાન બિકાનેરનો વતની અને સુરતમાં નાના વરાછામાં સંબંધી સાથે રહેતો 18 વર્ષીય યુવક ફર્નિચરનું કામ કરે છે. ગત રવિવારે રાતે નવ વાગ્યે કામ પતાવી મિત્રની બાઈક પર વાલક પાટીયા ખાતે ઉતરી તે ઘરે જવા રીક્ષાની રાહ જોતો ઉભો હતો. ત્યારે એક રીક્ષા ત્યાં આવતા તે તેમાં પાછળના ભાગે અન્ય એક પ્રવાસી સાથે બેઠો હતો.થોડે દૂર સર્વિસ રોડ થઈને રીક્ષા ગઢપુર પાસોદરા જતા રોડ પર આગળ જતી હતી ત્યારે સહપ્રવાસીએ યુવક પાસે પૈસા માંગતા તેણે મારી પાસે પૈસા નથી તેમ કહ્યું તે સાથે જ સહપ્રવાસીએ તેને માર મારી તેની પાસેના રોકડા રૂ. 10 હજાર અને રૂ. 7 હજારના મોબાઈલ ફોનને લૂંટી લીધા હતા. રોકડ અને મોબાઈલ મળી રૂ. 17 હજારની મત્તા લૂંટ્યા બાદ પણ સહપ્રવાસી ચાલુ રીક્ષાએ તેને મારતો હતો. જેથી આશીર્વાદ વીલા નજીક યુવકે ચાલુ રીક્ષામાંથી કૂદકો મારતા તેને ઈજા થઈ હતી.

**ન્યૂઝ ફોકસ** સુરતના ગોડાદરા પોલીસ સ્ટેશનના પીઆઈની ગેરહાજરીમાં ખેલ કર્યો : છેલ્લા કેટલાક સમયથી બંનેની જુગલબંધીમાં આવા ઘણા ખેલ થયાની ચર્ચા છે.અરજી સ્કવોડમાં ફરજ બજાવતા હરીશ આહીર વિરુદ્ધ કાપડ માર્કેટની અરજી અંગે તપાસ આવતી હોય તેમાં પણ તે ખેલ કરે છે.

# બે કોન્સ્ટેબલે કેસની ધમકી આપી ઓઈલના વેપારી-સેલ્સમેન પાસે રૂ.1 લાખ પડાવ્યા

### ડુપ્લીકેટ ઓઈલ અને જીએસટી બિલ ન હોવાના મુદ્દે પૈસા પડાવ્યા બાદ મુદ્દામાલ પણ પોતાની પાસે રાખી બાદમાં સગેવગે કરી દીધો

• સુરત

સુરતના ગોડાદરા સ્ટેશનમાં ફરજ બજાવતા બે કોન્સ્ટેબલે ગતરાત્રે પીઆઈની ગેરહાજરીમાં ઓઈલના સેલ્સમેન અને વેપારી પાસે ડુપ્લીકેટ ઓઈલનો અને જીએસટી બિલ ન હોવાનો કેસ કરવાની ધમકી આપી રૂ.1 લાખથી વધુ પડાવ્યા હતા.તેમના એક બાતમીદારે પરવત પાટીયા કાંગારું સર્કલ પાસે લુબ્રીકન્ટ ઓઈલના સેલ્સમેનને અટકાવતા તે ભાગ્યો હતો.બાદમાં તેને ગોડાદરા કેપિટલ સ્કવેર પાસે બંને કોન્સ્ટેબલે અટકાવી વેપારીને પણ બોલાવી કેસ કરવાની ધમકી આપી પૈસા પડાવ્યા હતા.એટલું જ નહીં બંનેએ તોડ કર્યા બાદ મુદ્દામાલ પોતાની પાસે રાખી બાદમાં સગેવગે પણ કરી દીધો હતો.આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ સુરતના ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ગતરાત્રે પીઆઈની ગેરહાજરીમાં બે કોન્સ્ટેબલે મોટો ખેલ કર્યો હતો.છેલ્લા ઘણા સમયથી ગોડાદરા પોલીસ મથકમાં નોકરી કરતા અને હાલ અરજી સ્કવોડમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ હરીશ આહીર અને સર્વેલન્સ સ્ટાફમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ હરવિજયસિંહ ગોહિલના એક બાતમીદારે પરવત પાટીયા કાંગારું સર્કલ નજીક લુબ્રીકન્ટ લઈ જતા એક સેલ્સમેન નિર્મલને અટકાવ્યો હતો.કોન્સ્ટેબલના બાતમીદારે દમદાટી આપતા સેલ્સમેન નિર્મલ ત્યાંથી ભાગ્યો હતો.આ અંગે બાતમીદારે બંને કોન્સ્ટેબલને જાણ કરતા તેમણે સેલ્સમેન નિર્મલને ગોડાદરા કેપિટલ સ્કવેર પાસે અટકાવી તેની પાસેથી ઓઈલનો જથ્થો કબજે કરી તેની સામે ડુપ્લીકેટ ઓઈલનો કેસ કરવાની ધમકી આપી રૂ.15 હજાર પડાવી લીધા હતા.ત્યાર બાદ સેલ્સમેન પાસેથી નંબર મેળવી લસકાણાના સૌરાષ્ટ્રવાસી ઓઈલના વેપારીને બોલાવી તેમની સામે ડુપ્લીકેટ ઓઈલ અને જીએસટી બિલ નથી તેવો કેસ કરવાની ધમકી આપી રૂ.5 લાખની માંગણી કરી હતી. વેપારીએ તેમના પરિચિતોને મધ્યસ્થી બનાવી વાટાઘાટ કરતા આખરે બંને કોન્સ્ટેબલે રૂ.1 લાખમાં પતાવટ કરી કેસ કર્યો નહોતો.જોકે, બંને આટલેથી અટકયા નહોતા. તેમણે ઓઈલનો જથ્થો કબજે કરીને પોતાની પાસે રાખી મુકયો હતો. આજે દિવસ દરમિયાન વેપારીએ તેમની પાસે ઓઈલના જથ્થાની માંગણી કરતા બંનેએ તેમને પરત આપવાને બદલે સગેવગે કરી દીધો હતો.ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી બંનેની જુગલબંધીમાં આવા ઘણા ખેલ થયાની ચર્ચા છે.અરજી સ્કવોડમાં ફરજ બજાવતા હરીશ આહીર વિરુદ્ધ કાપડ માર્કેટની અરજી અંગે તપાસ આવતી હોય તેમાં પણ તે ખેલ કરે છે.






### પ્રિયંકાએ 835 કરોડના બજેટની ફિલ્મને ના કહી ?

# પ્રિયંકા ચોપડાનું કમબેકઃ SSMB29 માટે રામાયણની ઓફર નકારી

મુંબઈ: હોલિવૂડ સહિત બોલિવૂડમાં પોતાની અદાથી અનોખી ઓળખ ઊભી કરનાર લોકપ્રિય અભિનેત્રી પ્રિયંકા ચોપડા પાછલા ઘણા સમયથી મોટા પડદાથી દૂર હતી. જ્યારે હવે તે ફરી એક વખત પોતાની આગવી અદા પાથરવા માટે મોટા પડદા પર કમબેક કરવાની તૈયારીઓ કરી રહી છે. પ્રિયંકા ચોપડા એસએસ રાજમૌલીની ફિલ્મ SSMB29માં મહેશ બાબુ સાથે ધમાકેદાર કમબેક કરવા જઈ રહી છે. પરંતુ આ વચ્ચે સૂત્રોનું માનીએ તો SSMB29 સાથે તેમણે પ્રિયંકાને નિતેશ તિવારીની 835 કરોડના બજેટવાળી ફિલ્મ 'રામાયણ'ની ઓફર કરવામાં આવી હતી. જે તેણે નકારી કાઢી છે. જો કે, ચાહકો માટે આ સમાચાર આશ્ચર્યજનક છે, કારણ કે મેકર્સે તેને




એક મહત્વના પાત્ર માટે પસંદ કર્યા હતા. પ્રિયંકા ચોપડા લાંબા સમયથી ભારતીય ફિલ્મોમાં જોવા મળ્યા નથી. તેમણે પોતાના કમબેક માટે 1000 કરોડના બજેટવાળી એસએસ રાજમૌલીની ફિલ્મ SSMB29 પસંદ કરી છે, જેમાં તે મહેશ બાબુ સાથે જોવા મળશે. બીજી તરફ, નિતેશ તિવારીની 'રામાયણ' માટે પણ પ્રિયંકાને એક મહત્વના પાત્ર માટે સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેણે આ ઓફર નકારી દીધી. આ ફિલ્મમાં રણબીર કપૂર ભગવાન રામનું પાત્ર ભજવશે.

'રામાયણ' ફિલ્મ ભવ્ય સ્ટાર કાસ્ટને કારણે પણ ચર્ચામાં છે. આ ફિલ્મમાં રણબીર કપૂર (રામ), સાઈ પલ્લવી (સીતા), યશ (રાવણ) અને સની દેઓલ (હનુમાન)ના રોલમાં જોવા મળશે. એક મીડિયા અહેવાલ મુજબ, મેકર્સે પ્રિયંકાને શૂર્પણખાના રોલ માટે પસંદ કરી હતી અને આ અંગે ચર્ચા પણ કરી હતી. જોકે, ડેટ્સની સમસ્યાને કારણે પ્રિયંકાએ આ ઓફર નકારી, અને હવે આ પાત્ર રકુલ પ્રીત સિંહ ભજવશે, જે તેની તૈયારીમાં જોતરાઈ ગયા છે.

# રામ ચરણની ફિલ્મ ધ ઈન્ડિયા હાઉસના સેટ પર એક્સિડન્ટ, શૂટિંગ રોકી દેવાઈ

### હૈદરાબાદના શમશાબાદમાં પાણીની ટાંકી ફાટતા પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી

સાઉથના સુપરસ્ટાર રામ ચરણની આગામી ફિલ્મ ધ ઈન્ડિયા હાઉસના સેટથી એક ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે, જેને કારણે ફિલ્મનું શૂટિંગ પણ રોકી દેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ હૈદારબાદના શમશાબાદ વિસ્તારમાં શુટિંગ દરમિયાન પાણીની ટાંકી ફાટતા પૂર જેવી સ્થિતિ પેદા થઈ હતી અને આ દુર્ઘટનામાં સેટ પર હાજર ક્રૂ મેમ્બર્સ અને કેમેરામેન ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળી રહ્યું છે. સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં જોવા મળી રહ્યું છે કે પાણીના વહેણમાં સેટ પરનો સામાન અને લોકો વહી ગયા હતા.



આ દુર્ઘટના કઈ રીતે થઈ એના વિશે વાત કરીએ તો ફિલ્મનું એક્શન સિક્વન્સ સમુદ્ર કિનારા પર શૂટ કરવામાં આવવાનું હતું અને ત્યારે અચાનક પાણીની ટાંકી ફાટી હતી. પાણીનું દબાણ એટલું હતું કે આખો સેટ પાણી પાણી થઈ ગયો અને પૂર જેવી પરિસ્થિતિ પેદા થઈ હતી.મળતી માહિતી મુજબ આ ઘટનામાં સેટ પર હાજર આસિસ્ટન્ટ કેમેરામેન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને બીજા ક્રુ મેમ્બર્સે જેમ તેમ પોતાનો જીવ બચાવ્યો હતો, પણ નાની મોટી ઈજાઓ થઈ છે. ઈજાગ્રસ્ત લોકોને હૈદરાબાદની એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલમાં સુરક્ષાના કારણોસર ફિલ્મનું શૂટિંગ રોકી દેવામાં આવ્યું છે.આ દુર્ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે જેમાં ક્રુ મેમ્બર્સ બચી ગયેલો સામાન ઉઠાવતા અને તેને શિફ્ટ કરતાં જોવા મળી રહ્યા છે. આખો સેટ પાણી પાણી થઈ ગયો હતો અને પાણીને કારણે સેટ પર ભારે નુકસાન પહોંચ્યું હતું. જોકે, હજી સુધી એ માહિતી નથી મળી રહી કે દુર્ઘટના સમયે ફિલ્મના લીડ એક્ટર નિખિલ સિદ્ધાર્થ સેટ પર હતા કે નહીં. બીજી બાજુ શમશાબાદ પોલીસને આ ઘટનાની કોઈ માહિતી આપવામાં આવી નથી, એટલે પોલીસ દ્વારા આ બાબતે કોઈ ઓફિશિયલ સ્ટેટમેન્ટ નથી આપવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ધ ઈન્ડિયા હાઉસ ફિલ્મ સુપર સ્ટાર રામ ચરણ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી રહેલી પહેલી ફિલ્મ છે અને એની જાહેરાત 2023માં સ્વતંત્રતા સંગ્રામ સેનાની વીર સાવરકરની 140મી જયંતી પર કરવામાં આવી હતી.

# કરિશ્મા કપૂરના Ex-હસબન્ડ સંજય કપૂર પોલો રમતા સમયે હાર્ટએટેકથી મોત



બોલિવૂડ અભિનેત્રી કરિશ્મા કપૂરના એક્સ હસબન્ડ અને બિઝનેસમેન સંજય કપૂરનું આજે ઈંગ્લેન્ડમાં નિધન થયું. તેઓ પોલો રમી રહ્યા હતા અને અચાનક જ મેદાન પર ઢળી પડ્યા. જે બાદ તેમને હોસ્પિટલ લઈ જવાયા પરંતુ ડોક્ટર્સ તેમને બચાવી શક્યા નહીં. સંજય કપૂર જાણીતા બિઝનેસમેન હતા અને તેમને પોલો રમવાનો ખૂબ શોખ હતો. સંજય કપૂર અને કરિશ્મા કપૂરના લગ્ન વર્ષ 2003માં થયા હતા, તેમના બે બાળકો છે- પુત્રી સમાયરા અને પુત્ર કિયાન. વર્ષ 2016માં બંનેએ છૂટાછેડા લીધા હતા. છૂટાછેડા લેતા સમયે કરિશ્માએ સંજય કપૂર પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતા. કરિશ્માથી અલગ થયા બાદ સંજય કપૂરે વર્ષ 2017માં પ્રિયા સચદેવ સાથે લગ્ન કર્યા હતા. નોંધનીય છે કે મૃત્યુના થોડા કલાકો પહેલા જ સંજય કપૂરે સોશિયલ મીડયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી હતી. તેમણે અમદાવાદમાં થયેલા પ્લેન ક્રેશ પર દુ:ખ વ્યક્ત કર્યું હતું.

# અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટના અંગે બોલીવુડના કલાકારોએ દુ:ખ વ્યક્ત કર્યું

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ક્રેશ થયું છે. આ પ્લેનમાં 242 મુસાફર સવાર હતા. પ્લેન જે જગ્યાએ ક્રેશ થયું એ સિવિલ હોસ્પિટલના ઈન્ટર્ન અને રેસિડેન્ડ ડૉક્ટર્સની હોસ્ટેલ હતી, જેથી મોટી જાનહાનિ થઈ છે. સમગ્ર દેશને હચમચાવી નાખનારી દુર્ઘટનાને લઈને બોલીવુડના ફિલ્મી અભિનેતા અને અભિનેત્રીઓએ સંવેદના વ્યક્ત કરી હતી. સોશિયલ મીડિયા પર તમામ કલાકારોએ મૃતકો અને તેમના પરિવારજનો સાથે પોતાની સંવેદના વ્યક્ત કરી છે.

અક્ષય કુમારે એક્સ પર જણાવ્યું કે, "એર ઈન્ડિયાના પ્લેન ક્રેશથી આઘાત અને અવાચક છું. આ સમયે ફક્ત પ્રાર્થના કરીએ." સોનુ સુદે પણ લખ્યું કે, "લંડન માટે ટેક ઓફ થયા બાદ અમદાવાદમાં ક્રેશ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ માટે પ્રાર્થના."

રિતેશ દેશમુખે દુર્ઘટનાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, "વિમાન ક્રેશ થયાની દુ:ખદ ઘટના હૃદયદ્રાવક છે, હું ખરેખર આઘાતમાં છું. મારી સંવેદનાઓ તમામ મુસાફરો






અને તેમના પરિવારજનો અને ઘટનાસ્થળ પર અસરગ્રસ્ત તમામ લોકો સાથે છે. આ કપરા સમયમાં મારા વિચારો અને પ્રાર્થનામાં તેમને યાદ કરૂં છું."અભિનેતા રણદીપ હુડાએ પણ એક્સ પર પોસ્ટ કરી છે. તેમણે લખ્યું કે, "અમદાવાદમાં થયેલી દુ:ખદ વિમાન દુર્ઘટના વિશે સાંભળીને હૃદયદ્રવી ઉઠ્યું છે. મારી સંવેદનાઓ અસરગ્રસ્તો સાથે છે. દુર્ઘટનામાં બચી ગયેલા લોકો અને બચાવ ટીમોને શક્તિ મળે તેવી આશા રાખું છું. મૃતકોના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારોને આ અપાર નુકસાન સહન કરવાની શક્તિ મળે તેવી પ્રાર્થના."

સન્ની દેઓલે એક્સ પર લખ્યું કે અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટનાના સમાચારથી દુ:ખી થયો છું. દુર્ઘટનામાં બચી જનાર લોકો માટે હું હૃદયપૂર્વક પ્રાર્થના કરૂં છું. તેઓની શોધખોળ થાય અને તેમની જરૂરી સંભાળ રાખવામાં આવે. જે લોકોએ જીવ ગુમાવ્યો છે તેમના આત્માને શાંતિ મળે અને તેમના પરિવારજનોને કપરા સમયમાં હિમંત મળે.

# પંચાયત ફોર વેબ સીરિઝ વહેલી રીલિઝ થવાની શક્યતા



મુંબઈ : ઓટીટીની સપરિવાર જોઈ શકાય તેવી જુજ સીરિઝમાંની એક 'પંચાયત' વેબ સીરિઝનો ચોથો ભાગ આવી રહ્યો છે. મૂળ ઘોષિત તારીખ પ્રમાણે આ સીરિઝ આગામી તા. બીજી જુલાઈથી સ્ટ્રીમ થવાની હતી. જોકે, હવે નવી તારીખ પ્રમાણે આ સીરિઝ તા. ૨૪મી જૂને જ રીલિઝ કરી દેવાશે. આ સીરિઝનું ટ્રેલર લોન્ચ કરી દેવામાં આવ્યું છે. તેની સાથે જ રીલિઝ ડેટ જાહેર કરાઈ છે. સીરિઝના મેકર્સ દ્વારા રીલિઝ ડેટ અંગે પોલ યોજવામાં આવ્યો હતો તેના આધારે નવી તારીખ જાહેર કરાઈ હોવાનો દાવો કરાયો છે. આ માટે એક ડેડીકેટેડ વેબસાઈટ તૈયાર કરવામાં આવી હતી. તેના પર ૬૫ લાખ લોકોએ મતદાન કર્યું હોવાનું કહેવાય છે. સીરિઝમાં આ વખતે નીના ગુપ્તા તથા સુનિતા રાજવર વચ્ચે સરપંચપદની ચૂંટણીની લડાઈ જ વાર્તાના કેન્દ્રસ્થાને રહેશે તેવો સંકેત ટ્રેલર પરથી મળ્યો છે. ટ્રેલરમાં ચૂંટણી પ્રચારનાં દ્રશ્યો અને તેને લગતા સંવાદો જોવા મળ્યા હતા.

### બધા મુસાફરો અને ક્રૂની સલામતી માટે પ્રાર્થના કરૂ છું : હરભજન

# અમદાવાદ પ્લેન ક્રેશઃ ક્રિકેટ જગતમાં શોકની લાગણી, હરભજન સિંહ-ધવને દુ:ખ વ્યક્ત કર્યું

અમદાવાદના મેઘાણીનગરમાં સરદાર વલ્લભભાઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પર ટેક ઑફ કરતી વખતે એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. 242 પેસેન્જર સવાર આ વિમાન ઍરપોર્ટ પરથી બપોરે 1.38 વાગે ટેક ઑફ થયું હતું અને 1.40 વાગે દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટમાં 50થી વધુના મોતની આશંકા છે. આ દુર્ઘટને લઈને ભારતીય ક્રિકેટરોની પ્રતિક્રિયા સામે આવી. જેમાં હરભજન સિંહ, શિખર ધવન, ઈરફાન પઠાણ, યુસુફ પઠાણનો સમાવેશ થાય છે.



પૂર્વ ભારતીય ક્રિકેટર શિખર ધવને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરીને લખ્યું કે, 'હું આ વિમાન દુર્ઘટનામાં ઈજાગ્રસ્ત અને અસરગ્રસ્ત તમામ લોકો માટે પ્રાર્થના કરું છું. આ અકસ્માતમાં પ્રભાવિત થયેલા લોકોના પરિવારજનો પ્રત્યે અમે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરૂ છું.'

હરભજન સિંહે 'X' પર લખ્યું કે, 'અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાના સમાચાર સાંભળીને મને ખૂબ જ આઘાત અને દુ:ખ થયું છે. આ અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકો અને તેમના પરિવારો પ્રત્યે પ્રાર્થના કરૂ છું. આ ખૂબ જ મુશ્કેલ સમય છે અને શબ્દો ઓછા પડે છે. આ દુ:ખદ ઘટનામાં સામેલ તમામ લોકો પ્રત્યે મારું હૃદય દુ:ખી છે. ઈરફાન પઠાણે 'X' પર લખ્યું 'આજે અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનાથી હૃદય ખૂબ જ દુ:ખી છે. બધા મુસાફરો, ક્રૂ મેમ્બર્સ અને તેમના પરિવારો માટે પ્રાર્થના કરૂ છું.'

પૂર્વ ક્રિકેટર અને બહરામપુરના ટીએમસી સાંસદ યુસુફ પઠાણે 'X' પર લખ્યું કે, 'અમદાવાદ એરપોર્ટ નજીક એર ઈન્ડિયાની અમદાવાદથી લંડન જતું પ્લેન ક્રેશ થયું છે. આ દુર્ઘટના વિશે સાંભળીને આઘાત લાગ્યો. બધા મુસાફરો અને ક્રૂની સલામતી માટે પ્રાર્થના કરૂ છું.'

મળતી માહિતી મુજબ, ક્રેશ થયેલું વિમાન હોસ્ટેલ બિલ્ડિંગના ત્રીજા, ચોથા અને પાંચમા માળે પાંખની બાજુએથી અથડાયું હતું. આ ભયાવહ ટક્કરને કારણે બિલ્ડિંગને ભારે નુકસાન થયું છે અને તે ગમે ત્યારે તૂટી પડે તેવી શક્યતા છે. વિમાન અથડાયા બાદ બિલ્ડિંગમાં ભયંકર આગ લાગી હતી. આ બિલ્ડિંગમાં ઈન્ટર્ન ડોક્ટર અને તેમના પરિવારજનો સહિત અંદાજે 50થી વધુ લોકો રહેતા હતા.

# વુમન ટેનિસ એસોસિએશનનો મોટો નિર્ણય, માતા બનવા માગતી ખેલાડીઓને રેન્કિંગ પ્રોટેક્શન મળશે



મહિલાઓ માટે કોઈપણ ફિલ્ડમાં કરિયર બનાવવું સરળ નથી. તેમણે ઘણા પડકારોમાંથી પસાર થવું પડે છે. જ્યારે કોઈ મહિલા ખેલાડી માતા બનવા ઈચ્છતી હોય, ત્યારે પણ તેની કારકિર્દી પર અસર પડે છે. પરંતુ હવે મહિલા ટેનિસ એસોસિએશન (WTA) એ એક મોટું પગલું ભર્યું છે, જેનાથી WTA રેન્કિંગમાં ટોપ 750 મહિલા પ્લેયર્સને રાહત મળશે. WTAના જણાવ્યા પ્રમાણે કોઈપણ મહિલા ખેલાડી માતા બનવા માંગતી હોય અથવા ભવિષ્યમાં માતા બનવાના હેતુથી એગ ફ્રીઝ (બીજ સાચવવાની પ્રક્રિયા) કરાવવા માંગતી હોય તેને થોડા સમય માટે રમતથી દૂર રહેવાની અને સુરક્ષિત રેન્કિંગ સાથે વાપસી કરવાની તક આપવામાં આવશે. WTAએ એક નિવેદનમાં જણાવ્યું છે કે, ખેલાડીઓ હવે ફર્ટિલિટી પ્રોટેક્શન પ્રોસેસ જેવા કે, એગ ફ્રીઝિંગ માટે પ્રોફેશનલ ટેનિસમાંથી થોડો સમય દૂર રહી શકે છે અને ત્યારબાદ તે સુરક્ષિત રેન્કિંગ સાથે વાપસી કરી શકે છે. જેના કારણે તેઓની કારકિર્દી પર અસર નહીં પડે. તેના માટે પાત્ર પ્લેયર્સને એક સ્પેશિયલ એન્ટ્રી રેન્કિંગ (SER) પ્રાપ્ત થશે. જેનો ઉપયોગ ત્રણ ટુર્નામેન્ટમાં એન્ટ્રી માટે થઈ શકે છે. પ્લેયર્સનું આ રેન્કિંગ ટુર્નામેન્ટમાંથી બહાર થતા અગાઉના WTA રેન્કિંગના 12 અઠવાડિયાની એવરેજ પર આધારિત હશે.

### ODI કપ સુધી ટીમ સાથે રહેશે : ઈન્ડિયા-A સાથે ટેસ્ટ રમવાની તક મળી નથી

# ઋતુરાજ ગાયકવાડ યોર્કશાયર તરફથી કાઉન્ટી ક્રિકેટ રમશે

મહારાષ્ટ્રના બેટર ઋતુરાજ ગાયકવાડે યોર્કશાયર કાઉન્ટી ટીમ સાથે ક્રિકેટ રમવા માટે કરાર કર્યો છે. તે આ સિઝનમાં ODI કપના અંત સુધી ટીમ સાથે રહેશે. તેને ઈંગ્લેન્ડ લાયન્સ સામે 2 બિનસત્તાવાર ટેસ્ટ રમવા માટે ઈન્ડિયા-A ટીમમાં સ્થાન મળ્યું, પરંતુ તેને એક પણ મેચમાં રમવાની તક મળી નહીં.

જુલાઈમાં ટીમમાં જોડાશે ઋતુરાજ ગાયકવાડ પહેલી વાર કાઉન્ટી ક્રિકેટ રમતા જોવા મળશે. તે જુલાઈમાં યોર્કશાયર માટે સરે સામે મેચ રમશે. અહીંથી, તે ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક સિઝનના અંત સુધી યોર્કશાયર માટે ODI કપ પણ રમશે.ગાયકવાડ 2 મહિનાથી ક્રિકેટથી દૂર છે IPLમાં, ચેન્નઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ 10 એપ્રિલે કોણીની ઈજાને કારણે ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો. એમએસ ધોનીએ તેના સ્થાને કમાન સંભાળી હતી, પરંતુ ટીમ 10મા સ્થાને રહી હતી. ગાયકવાડે 8 એપ્રિલે પોતાની છેલ્લી મેચ રમી હતી, ત્યારથી તે કોઈ મેચ રમી શક્યો નથી. હું કાઉન્ટી રમવા માટે ઉત્સાહિત છું- ગાયકવાડ 28 વર્ષીય ઋતુરાજે કહ્યું, 'હું કાઉન્ટી ક્રિકેટ રમવા માટે ઉત્સાહિત છું. હું હંમેશા ઈંગ્લેન્ડમાં ક્રિકેટ રમવા માંગતો હતો અને અહીં ડોમેસ્ટિક ક્રિકેટમાં યોર્કશાયરથી મોટો કોઈ ક્લબ નથી. મને કાઉન્ટી ચેમ્પિયનશિપમાં કેટલીક મહત્વપૂર્ણ મેચ દરમિયાન તક મળશે. હું ODI કપમાં પણ ટીમને ચેમ્પિયન બનાવવા માગુ છું.' કોચે કહ્યું- ટીમની બેટિંગ મજબૂત રહેશે યોર્કશાયરના મુખ્ય કોચ એન્થોની મેકગ્રાથે કહ્યું, 'હું ખૂબ જ ખુશ છું કે ઋતુરાજ બીજા હાફ માટે ટીમમાં જોડાશે. તેની પાસે ઘણી પ્રતિભા છે અને તેની પાસે તે બધું છે જે આપણે એક ખેલાડીમાં શોધી રહ્યા છીએ. ઋતુરાજના આગમનથી, અમારી બેટિંગ ખૂબ જ મજબૂત બનશે. જરૂર પડ્યે તે ઝડપી બેટિંગ પણ કરી શકે છે.'ગાયકવાડે 29 આંતરરાષ્ટ્રીય મેચ રમી છે ઋતુરાજ ગાયકવાડે ભારત માટે ODI અને T20માં ડેબ્યૂ કર્યું છે. તેમણે 6 ODIમાં 115 રન અને 23 T20માં 633 રન બનાવ્યા છે. તેણે 5 અડધી સદી અને 1 સદી પણ ફટકારી છે. લિસ્ટ-A ક્રિકેટમાં બેવડી સદી ફટકારવા ઉપરાંત, તેણે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 7 સદી પણ ફટકારી છે. તેણે CSK માટે 71 IPL મેચમાં 2502 રન પણ બનાવ્યા છે.



એક્શન

## બોગસ પત્રકાર અશોક દુબે આણી મંડળી સામે ભૂતકાળમાં અનેક આરોપો મુકાયેલા

# બોગસ પત્રકાર અશોક દુબે આણી મંડળીના કરતૂતો : વરણામા પોલીસનો તોડ કરવા પ્રયાસ કર્યો, PSIનું પ્રમોશન અટકાવ્યું હતું

### મીડિયાના નામે ગમે ત્યારે દમ મારીને પૈસા પડાવે છે પણ પોલીસ પાસે આ અંગેની કોઈ ફરિયાદ નહીં આવતા અશોક દુબે અત્યાર સુધી બચી જતો હતો

• વડોદરા

વડોદરાની મકરપુરા જીઆઈડીસીમાંથી સ્ક્રેપની ચોરી કરતી ગેંગને રોકીને બોગસ પત્રકાર આણી મંડળીએ સાત લાખનો તોડ કરતા હોવાના કિસ્સામાં માંજલપુર પોલીસમાં બોગસ પત્રકાર અશોક દુબે સામે ખંડણી ઉઘરાવવાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ત્યારે પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે ઘરોબો ધરાવતા હોવાથી કેટલાક પોલીસ અધિકારીઓ સામે ખોટી રીતે તપાસ કરાવી તેઓ સામે કાર્યવાહી કરાવી હતી તો બીજી બાજુ મકરપુરા, પોર વિસ્તારમાં આવેલી કેટલીક કંપનીઓ પાસેથી પણ લાખો રૂપિયા પડાવ્યા હોવાની વિગતો બહાર આવી છે.

બોગસ પત્રકાર અશોક દુબે આણી મંડળી સામે ભૂતકાળમાં અનેક આરોપો મુકાયેલા છે. વરણામા પોલીસના કર્મચારીઓને પણ ઉચ્ચ અધિકારીઓ સાથે મારે સંપર્ક છે તેમ કહી લાખો રૂપિયાની માંગણી કરી બ્લેકમેલ કરવાનો પ્રયત્ન કર્યો હતો અને તે સમયના પોલીસના ડી સ્ટાફે યોગ્ય વ્યવહાર નહીં કરતા જિલ્લાના ઉચ્ચ અધિકારીને રજૂઆત કરીને ડી સ્ટાફની અને પીએસઆઈની સામે તપાસ કરાવી હતી. જેના કારણે એક પીએસઆઈનું પ્રમોશન અટવાઈ ગયું હતું. અશોક દુબેની મોડેસ ઓપરેન્ડીએ પ્રકારની હતી કે ગુજરાતના અને વડોદરા

શહેર અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ફોટા પડાવીને મકરપુરા વરણામા અને પોરની કંપનીઓને દમ મારીને લાખોનો તોડ કરતો હતો.. સાત લાખના તોડમાં બોગસ પત્રકાર અશોક દુબે આણી મંડળી સામે ગુનો દાખલ થયો છે ત્યારે મકરપુરા વિસ્તારની અનેક કંપનીઓનો સંચાલકોએ પોલીસને ફોન કરીને રજૂઆત કરી છે કે આ બોગસ પત્રકારએ નાની નાની ભૂલોની સામે ગેરકાયદે રીતે અમારી પાસેથી મોટી રકમ પડાવી છે. મીડિયાના નામે ગમે ત્યારે દમ મારીને પૈસા પડાવે છે. પણ પોલીસ પાસે આ અંગેની કોઈ ફરિયાદ નહીં આવતા. અશોક દુબે અત્યાર સુધી બચી જતો હતો. અશોક દુબે સાથે એની ટોળકીના અન્ય સભ્યો સામે પણ અને આરોપો મુકાયેલા છે.




### કેન્દ્રીય કૃષિ મંત્રીએ ખેડૂતો સાથે યોજી ખાટલા બેઠક

# બારડોલીના રાજપુરા લુભા ગામે પ્રાકૃતિક ખેતી અંગે ચર્ચા, 85 ખેડૂત રહ્યા હાજર

જાગૃતતા લાવવા પ્રયાસ

## વિકસિત ભારત માટે વિકસિત ખેતી અને સમૃદ્ધ ખેડૂતો જરૂરીઃ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ

**ખેતી ક્ષેત્રે નિર્ધારિત લક્ષ્યોને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું**

• બારડોલી

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સુરત જિલ્લાના પ્રવાસ દરમિયાન બારડોલી તાલુકાના રાજપુરા લુભા ગામે ખેડૂતો સાથે ખાટલા બેઠક યોજી હતી. આ બેઠકમાં રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકનો મુખ્ય હેતુ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ દરમિયાન મંત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીમાં પડતી સમસ્યાઓ વિશે પણ માહિતી મેળવી હતી. કાર્યક્રમમાં સુરત જિલ્લાના 85 ખેડૂતોએ ભાગ લીધો હતો.

બારડોલીના રાજપુરા લુંભા ગામે 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' સમાપન પ્રસંગે કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન મંત્રીએ ગામના ખેડૂતો સાથે સીધો સંવાદ સાધ્યો હતો અને તેમનાં પ્રશ્નો સાંભળી માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલ તથા સાંસદ પ્રભુભાઈ વસાવાએ ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોના અનુભવો સાંભળી રાસાયણિક ખેતીની તુલનામાં પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોની ગુણવત્તા પર વિચારવિમર્શ કર્યો હતો.

મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું કે, આવનાર સમયમાં ગુજરાતએ પ્રાકૃતિક ખેતીમાં નવી ક્રાંતિનો માર્ગદર્શક બનશે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને રાસાયણિક ખેતી વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું હતું કે, આજે રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વધતા ઉપયોગથી જમીનની તંદુરસ્તી અને આપણું આરોગ્ય બંને મુશ્કેલીમાં મૂકાઈ રહ્યાં છે. એ માટે હવે સમય આવ્યો છે કે, આપણે પ્રાકૃતિક ખેતી તરફ વળીએ અને એવી ખેતી કરીએ કે જેમાં જમીન જીવંત રહે, પાણીની બચત થાય અને ખેત ઉત્પાદનોનું મૂલ્ય વર્ધન કરીને આવક પણ બમણી થાય તે માટે પ્રાકૃતિક ખેતી તરફ વળવા અનુરોધ કર્યો હતો.

કેન્દ્રીય કૃષિ મંત્રીએ ખેડૂતોને કહ્યું હતું કે, આપણી જમીન આપણું ભવિષ્ય છે. તેને જીવંત રાખવી એ આપણી નૈતિક જવાબદારી છે. આપણે પ્રાકૃતિક ખેતીનો એક નવો માર્ગ અપનાવીએ. થોડી મહેનત જરૂર છે, પણ પરિણામ લાંબા સમય માટે લાભદાયી નીવડશે એમ તેમણે ઉમેર્યું હતું. આ સાથે ખેડૂતો એ કેટલા વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. તેનાથી કેવું ઉત્પાદન મળે છે તેમજ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના બજાર મૂલ્યો વિશે ચર્ચા કરી હતી.

મંત્રી શિવરાજસિંહે કહ્યું કે સંશોધન વાસ્તવિક સમયમાં ખેડૂતો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. 'લેબ ટુ લેન્ડ' ને જોડવું જરૂરી છે. પ્રદેશની આબોહવા અને વિશેષતા અનુસાર, ફળો, શાકભાજી અને પાકોના ઉત્પાદન વિશે સાચી માહિતી ખેડૂતો સુધી પહોંચવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2047 સુધીમાં 'વિકસિત ભારત'ની કલ્પના કરી છે. તેથી, વિકસિત ભારત માટે વિકસિત ખેતી અને સમૃદ્ધ ખેડૂતો જરૂરી છે. ખેતી વિના વિકાસ શક્ય નથી.

મંત્રીએ રાજપુરા લુંભા ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતના ફાર્મની મુલાકાત લીધી હતી. જંગલ મોડલ ફાર્મ આધારિત આધુનિક ખેતીને ફાયદાથી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું કે, આવનારા સમયમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા માટે સરકાર સંપૂર્ણ સહકાર આપશે અને ખેડૂતોને પ્રોત્સાહન મળશે. કેન્દ્રીય કૃષિ મંત્રીએ કહ્યું કે, ખેતી ક્ષેત્રે નિર્ધારિત લક્ષ્યોને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન' શરૂ કરવામાં આવ્યું હતું.

# વિમાન દુર્ઘટનામાં હાલોલની 45 વર્ષીય મુસાફરનો સમાવેશ

### હાલોલના રૂપલ પટેલ ભારતમાં સારવાર લઈ લંડન પરત જતા હતા



• ગોધરા

અમદાવાદ એરપોર્ટ પર આજે બપોરે થયેલી વિમાન દુર્ઘટનામાં હાલોલના રૂપલ પટેલનો મુસાફરોમાં સમાવેશ થાય છે. 45 વર્ષીય રૂપલ તબીબી સારવાર માટે ભારત આવ્યા હતા અને આજે લંડન પરત ફરી રહ્યા હતા.

રૂપલ મૂળ ખેડા જિલ્લાના ઉતરસંડાના વતની હતા. તેમના પિતા વિષ્ણુભાઈ પટેલ વ્યવસાય અર્થે હાલોલની વૈશાલી સોસાયટીમાં સ્થાયી થયા હતા. રૂપલના લગ્ન આનંદ જિલ્લાના ઓડ ગામના પીનલ પટેલ સાથે થયા હતા. લગ્ન બાદ તેઓ પરિવાર સાથે લંડનમાં સ્થાયી થયા હતા.

રૂપલના પિતા વિષ્ણુભાઈએ નડિયાદમાં વેપાર શરૂ કર્યો હતો અને ત્યાં પણ નિવાસ કરતા હતા. 15 વર્ષ પહેલા તેમના અવસાન બાદ, તેમના પુત્રો હાલોલ અને નડિયાદનો વેપાર સંભાળી રહ્યા છે.

રૂપલ 2 જૂને તબીબી સારવાર માટે ભારત આવ્યા હતા. નડિયાદમાં સારવાર લીધા બાદ આજે તેઓ એર ઈન્ડિયાની ફ્લાઈટમાં 19J સીટ પર લંડન પરત જઈ રહ્યા હતા.

તેમના ભાઈ પવન તેમને એરપોર્ટ મૂકવા ગયા હતા. દુર્ઘટનાની જાણ થતાં પરિવાર અમદાવાદ પહોંચ્યો છે. તેમના પતિ લંડનથી ભારત આવવા નીકળ્યા છે.

# ગોધરા તાલુકામાં 3 પંચાયતો બિનહરીફ, 110 સરપંચ પદ અને 428 સભ્ય પદ માટે થશે ચૂંટણી

### પંચમહાલમાં ગ્રામ પંચાયત ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ

• ગોધરા

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ગ્રામ પંચાયતની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થયું છે. તાલુકાની 36 ગ્રામ પંચાયતોમાંથી 3 પંચાયતો બિનહરીફ જાહેર થઈ છે. જ્યારે 33 પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, 113 સરપંચ પદના અને 546 સભ્ય પદના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી છે. આ ઉપરાંત 118 સભ્યો બિનહરીફ વિજેતા જાહેર થયા છે. હવે 110 સરપંચ પદ અને 428 સભ્ય પદ માટે ચૂંટણી યોજાશે. ગ્રામીણ વિસ્તારોમાં ચૂંટણીનો માહોલ જામ્યો છે. ઉમેદવારો ખાટલા બેઠકો અને જનસંપર્ક દ્વારા પ્રચાર કરી રહ્યા છે. બિનહરીફ થયેલા સરપંચોની જાહેરાત થતાં તેમના સમર્થકોમાં ખુશીનું વાતાવરણ જોવા મળ્યું છે.



# શહેરામાં 3 વર્ષની બાળકીનું મોટરસાયકલની ટક્કરથી મોત

• શહેરા

શહેરા તાલુકાના નવા ભુણિદ્રા ગામમાં એક દુર્ઘટના સામે આવી છે. સોનલબેન વિક્રમભાઈ કટારાની 3 વર્ષની દીકરી તૃપ્તિને મોટરસાયકલે ટક્કર મારતા તેનું મોત થયું છે.

ઘટના 8મી જૂન 2025ના રોજ સાંજે 5:30 વાગ્યે બની હતી. સોનલબેન તેમની બે દીકરીઓ સાથે ઢોર બાંધવાના સ્થળે ગયા હતા. બંને બાળકીઓ રોડની સાઈડમાં ઊભી હતી. શહેરાથી છોગાળા તરફ જતી મોટરસાયકલે તૃપ્તિને ટક્કર મારી હતી.

અકસ્માત બાદ મોટરસાયકલ પરથી પાછળ બેઠેલા રાકેશભાઈ માલાભાઈ ડામોર પડી ગયા હતા. મોટરસાયકલ ચાલક શૈલેષભાઈ ભલાભાઈ માલીવાડ વાહન લઈને ભાગી ગયો હતો. બંને આરોપીઓ ગુગલીયા ગામના રહેવાસી છે.

ઘવાયેલી તૃપ્તિને પ્રથમ શહેરાની શકુન હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. ત્યાંથી તેને ગોધરા સિવિલમાં ખસેડવામાં આવી હતી. પછી વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. 9મી જૂન રાત્રે 11:15 વાગ્યે તેનું મૃત્યુ થયું હતું.

સોનલબેને મોટરસાયકલ નંબર GJ-35-Q-0322ના ચાલક અને તેના સાથી વિરુદ્ધ શહેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે.

# વડોદરાની ઈન્દ્રપુરી સોસાયટીમાં કચરાની ગાડીઓ નહીં આવતા રહીશોનો હોબાળો

• વડોદરા

સ્વચ્છ વડોદરા સુંદર વડોદરાના સૂત્ર સાથે વડોદરા કોર્પોરેશન દ્વારા વિવિધ કાર્યક્રમો કરી સફાઈ ઝુંબેશ ચલાવી રહ્યા છે. અને જાહેરમાં કચરો નાખનાર વેપારીઓને દંડ ફટકારવામાં આવી રહ્યો છે ત્યારે બીજી બાજુ વાઘોડિયા રોડ ઉપર આવેલી ઈન્દ્રપુરી સોસાયટીમાં ડોર ટુ ડોર કચરા કલેક્શનની ગાડીઓ કચરો લેવા નહીં આવતા સ્થાનિકોએ રોષે ભરાઈ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.



સ્માર્ટ સિટી વડોદરા શહેરમાં પાલિકા તંત્ર દ્વારા સ્વચ્છતાને લઈને વિવિધ જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે જ્યારે કેટલાક વિસ્તારોમાં દુકાનદારો દ્વારા જાહેરમાં કચરો ફેંકવામાં આવે છે, તો તેના વિરુદ્ધ દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ આજે પાલિકાની જ ડોર ટુ ડોર કચરા કલેક્શનની ગાડીઓ સોસાયટીમાં નહીં જતા કચરો પડી રહેતા સ્થાનિક રહીશો રોષે ભરાયા હતા. શહેરના પૂર્વ વિસ્તારમાં પાણીની સમસ્યા બાદ હવે કચરા કલેક્શનની ગાડીઓની સમસ્યા ઊભી થઈ છે. સ્થાનિકોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે છેલ્લા 6 દિવસથી ડોર ટુ ડોરની કચરા કલેક્શનની ગાડીઓ આવતી નથી. ઘરમાં એકત્ર થયેલો કચરો ક્યાં નાખવા જઈએ. પાલિકાનો વેરો પણ અમે રાબેતા મુજબ ભરીએ છીએ. બીજા વિસ્તારોમાં આવે છે, પણ અહીંયા છેલ્લા કેટલાક દિવસથી કચરાની ગાડી આવતી નથી. સ્થાનિક રહીશોએ તો હવે આ કચરો જાહેર રોડ પર ડીવાઈડર ઉપર જ નાખવાની અને આ ચૂંટણીમાં વોટ નહીં આપવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

# વડોદરાની આંગણવાડીઓમાં ભૂલકાઓને દૂધ નહી મળતું હોવાના આક્ષેપ

• વડોદરા

વડોદરા શહેરમાં આવેલી સરકારી આંગણવાડીઓમાં અભ્યાસ કરતા નાના ભૂલકાઓને છેલ્લા એકાદ સપ્તાહથી પૌષ્ટિક દૂધ(સંજીવની) નહિ મળતું હોવાના આક્ષેપો થયા છે.

ઉલ્લેખનીય છે કે શહેરમાં આવેલી આંગણવાડીઓનો વહીવટ મહાનગરપાલિકા દ્વારા થાય છે. આંગણવાડીઓમાં ગરીબ વર્ગના બાળકો મોટાભાગે ભણવા આવે છે. સરકારની યોજના છે કે ગરીબ અને કુપોષિત બાળકોને પૌષ્ટિક અને વિટામિનવાળું દૂધ આપવામાં આવે. પરંતુ અગાઉ આ બાબતે આંગણવાડીના બાળકોને દૂધ નહીં મળતું હોવાની હોવાની ફરિયાદો ઉઠી હતી. ત્યારબાદ આ બાબતે પાલિકા તંત્ર દ્વારા ઘટતું કરવામાં આવ્યું હતું. જ્યાં પણ આંગણવાડીમાં પૌષ્ટિક દૂધ-સંજીવની પહોંચતું ન હતું ત્યાં પુનઃ શરૂ કરી દેવાયું હતું. પરંતુ ત્યારબાદ છેલ્લા છ સાત દિવસથી આંગણવાડીના નાના ભૂલકાઓને ફ્લેવરવાળું પૌષ્ટિક દૂધ મળતું નહીં હોવાના આક્ષેપો થયા છે ત્યારે સરકાર દ્વારા આંગણવાડીમાં કુપોષિત બાળકોને પૌષ્ટિક અને ફ્લેવરવાળુ દૂધ મળી રહે તે અંગે દ્વારા બરોડા ડેરી સાથે વહીવટ થાય છે. કેટલીય આંગણવાડીઓમાં બરોડા ડેરીના આ પૌષ્ટિક દૂધના પાઉચ મોકલવામાં આવે છે. જ્યાં એક જ પાઉચમાંથી કેટલીક આંગણવાડીઓમાં બે ભાગ કરવામાં આવે છે જ્યારે કેટલીક આંગણવાડીઓમાં એક જ પાઉચમાંથી ત્રણ ભાગ કરવામાં આવતી હોવાના આક્ષેપ સામાજિક કાર્યકર અતુલ ગામેચી દ્વારા કરાયા છે.

ન્યૂઝ ફોકસ

*પ્રદર્શનીમાં સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી. ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, મોરવા હડફના ધારાસભ્ય નિમીષાબેન સુથાર, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને જિલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઇ દેસાઇ નગરપાલિકા પ્રમુખ જયેશભાઇ ચૌહાણ સહિત અન્ય પદાધિકારીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી.*

# ભાજપ સરકારના 11 વર્ષ પૂર્ણ થવા પર ગોધરામાં પત્રકાર પરિષદ

### કેબિનેટ મંત્રી કુબેર ડિંડોર અને પ્રવક્તા મયુર સુથારે કરી સરકારની સિદ્ધિઓની જાહેરાત

• ગોધરા

ગોધરાના ગદુકપુર સ્થિત જિલ્લા ભાજપ કાર્યાલય કમલમ ખાતે કેન્દ્ર સરકારના 11 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુબેરભાઈ ડિંડોર અને પ્રદેશ ભાજપના પ્રવક્તા મયુર સુથાર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા.

પ્રવક્તાઓએ જણાવ્યું કે મોદી સરકારના 11 વર્ષ વિકસિત ભારતનો અમૃતકાળ રહ્યો છે. આ સમયગાળામાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું. સરકારે અનેક મંદિર કોરિડોરનો વિકાસ કર્યો અને વૈશ્વિક સ્તરે ભારતનું નેતૃત્વ મજબૂત બન્યું.

કાર્યક્રમમાં પંચમહાલ સાંસદ રાજપાલસિંહ જાદવ, રાજ્યસભા સાંસદ ડૉ. જશવંતસિંહ પરમાર, જિલ્લા પંચાયત પ્રમુખ રેણુકાબેન ડાયરા સહિત અનેક નેતાઓ હાજર રહ્યા. પરિષદ બાદ APMC કેમ્પસમાં ભાજપના 11 વર્ષની સિદ્ધિઓ દર્શાવતી પ્રદર્શનીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

પ્રદર્શનીમાં સરકારની કલ્યાણકારી યોજનાઓ અને સિદ્ધિઓની માહિતી પ્રદર્શિત કરવામાં આવી. ગોધરા ધારાસભ્ય સી.કે. રાઉલજી, મોરવા હડફના ધારાસભ્ય નિમીષાબેન સુથાર, કાલોલ ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ અને જિલ્લા ભાજપ પ્રમુખ મયંકભાઈ દેસાઈ નગરપાલિકા પ્રમુખ જયેશભાઈ ચૌહાણ સહિત અન્ય પદાધિકારીઓએ પણ કાર્યક્રમમાં હાજરી આપી.



# કોમોડિટી વાયદાઓમાં રૂ.28677 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.115782 કરોડનું ટર્નઓવર

## સોનાના વાયદામાં રૂ.1626 અને ચાંદીના વાયદામાં રૂ.488નો ઉછાળો: ક્રૂડ તેલનો વાયદો રૂ.1 ઢીલો: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 24353 કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો 22805 પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.144469.78 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.28677.27 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.115782.35 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જૂન વાયદો 22805 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.1491.35 કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.24353.64 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો 10 ગ્રામદીઠ રૂ.97650ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.98425 અને નીચામાં રૂ.97284ના સ્તરને સ્પર્શી, રૂ.96704ના આગલા બંધ સામે રૂ.1626 વધી રૂ.98330 થયો હતો. ગોલ્ડ-ગિની જૂન વાયદો 8 ગ્રામદીઠ રૂ.898 વધી રૂ.78549ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ જૂન વાયદો 1 ગ્રામદીઠ રૂ.105 વધી રૂ.9839ના સ્તરે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો 10 ગ્રામદીઠ રૂ.1453 વધી રૂ.97720 થયો હતો. ગોલ્ડ-ટેન જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.97325ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.97930 અને નીચામાં રૂ.97021ના સ્તરને સ્પર્શી, રૂ.96529ના આગલા બંધ સામે રૂ.1341 વધી રૂ.97870ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.105850ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.106490 અને નીચામાં રૂ.104005ના સ્તરને સ્પર્શી, રૂ.105392ના આગલા બંધ સામે રૂ.488 વધી રૂ.105880ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.448 વધી રૂ.105633ના ભાવે બોલાયો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.446 વધી રૂ.105620ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 1357.65 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જૂન વાયદો રૂ.2.7 વધી રૂ.874.1 થયો હતો. જસત જૂન વાયદો 50 પૈસા ઘટી રૂ.252.15ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જૂન વાયદો 25 પૈસા ઘટી રૂ.242.1ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જૂન વાયદો 15 પૈસા વધી રૂ.179.25 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 2316.81 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.5788ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.5814 અને નીચામાં રૂ.5724ના મથાળે અથડાઈ, રૂ.5731ના આગલા બંધ સામે રૂ.1 ઘટી રૂ.5730 થયો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.1 વધી રૂ.5730ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.10.3 વધી રૂ.310.2ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.10.3 વધી રૂ.310.1ના ભાવે બોલાયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ.914.6ના ભાવે ખૂલી, રૂ.13.9 વધી રૂ.925.2ના ભાવે બોલાયો હતો. કોટન ખાંડી જુલાઈ વાયદો ખાંડીદીઠ કોઈ ફેરફાર વગર રૂ.53150ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. 16941.42 કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. 7412.22 કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. 859.60 કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. 125.52 કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. 17.10 કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. 355.43 કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. 977.24 કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. 1339.57 કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. 4.08 કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. 0.06 કરોડનાં કામ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં 15459 લોટ, સોનું-મિનીના વાયદાઓમાં 44782 લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં 10420 લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં 137270 લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં 15585 લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં 22631 લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં 48290 લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં 184818 લોટના સ્તરે રહ્યો હતો. ક્રૂડ તેલના વાયદાઓમાં 18209 લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં 17749 લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જૂન વાયદો 22760 પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં 22805 પોઈન્ટના સ્તર અને નીચામાં 22531 પોઈન્ટના સ્તરને સ્પર્શી, 306 પોઈન્ટ વધી 22805 પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.5800ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.12 વધી રૂ.73.6ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.310ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.4.65 વધી રૂ.13.25ના ભાવે બોલાયો હતો. સોનું જૂન રૂ.98000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન 10 ગ્રામદીઠ રૂ.827.5 વધી રૂ.1750ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.106000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.103 વધી રૂ.1965ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.880ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ 57 પૈસા વધી રૂ.7.73ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.250ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ 46 પૈસા ઘટી રૂ.4.57 થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.5700ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.6.1 વધી રૂ.84.3 થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.300ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.4.15 ઘટી રૂ.8.65 થયો હતો. સોનું જૂન રૂ.96000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન 10 ગ્રામદીઠ રૂ.456 ઘટી રૂ.655 થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.105000ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.246 ઘટી રૂ.1633.5 થયો હતો. તાંબું જૂન રૂ.860ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ 85 પૈસા ઘટી રૂ.4.9ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.250ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ 45 પૈસા વધી રૂ.2.53ના ભાવે બોલાયો હતો.

**એમસીએક્સ ટોપ-5 સૌથી વધુ સક્રિય વાયદા કોન્ટ્રેક્ટ્સ (મૂલ્યની દૃષ્ટિએ)**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | બંધ | વોલ્યુમ (લોટ) | મૂલ્ય (કરોડ) | ઓ.ઈ. (લોટ) |
|---|---|---|---|---|---|
| સોનું | 05-08-2025 | 98366 | 11074 | 10844.46 | 14561 |
| ચાંદી | 04-07-2025 | 105929 | 11700 | 3693.76 | 18003 |
| સોનું-મિની | 04-07-2025 | 97750 | 36686 | 3573.16 | 29245 |
| સોનું-મિની | 05-08-2025 | 98314 | 15315 | 1499.36 | 14522 |
| ચાંદી-મિની | 30-06-2025 | 105620 | 25632 | 1346.95 | 30326 |

**એમસીએક્સ ટોપ-5 સૌથી વધુ સક્રિય વાયદા કોન્ટ્રેક્ટ્સ (વોલ્યુમની દૃષ્ટિએ)**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | બંધ | મૂલ્ય (કરોડ) | વોલ્યુમ (લોટ) | ઓ.ઈ. (લોટ) |
|---|---|---|---|---|---|
| ચાંદી-માઈક્રો | 30-06-2025 | 105601 | 872.04 | 82987 | 84792 |
| ગોલ્ડ-પેટલ | 30-06-2025 | 9837 | 65.41 | 66649 | 65351 |
| સોનું-મિની | 04-07-2025 | 97733 | 3575.02 | 36717 | 29253 |
| ચાંદી-માઈક્રો | 29-08-2025 | 106941 | 339.37 | 31944 | 67949 |
| ગોલ્ડ-પેટલ | 31-07-2025 | 9884 | 31.26 | 31726 | 47433 |

**એમસીએક્સ - ટોપ-5 સૌથી સક્રિય પુટ ઓપ્શન્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | સ્ટ્રા. પ્રાઈસ | બંધ | ટર્ન. નોશ. | ઓ.ઈ.(લોટ) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5700 | 86 | 5553.90 | 18219 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5600 | 40.3 | 4675.72 | 21552 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5800 | 150.6 | 4180.20 | 6638 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5500 | 17.3 | 2682.24 | 22975 |
| સોનું | 30-06-2025 | 96000 | 646 | 2652.37 | 901 |

**એમસીએક્સ - ટોપ-5 સૌથી સક્રિય કોલ ઓપ્શન્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | સ્ટ્રા. પ્રાઈસ | બંધ | ટર્ન. નોશ. | ઓ.ઈ.(લોટ) |
|---|---|---|---|---|---|
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5800 | 71.1 | 5265.72 | 14470 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5900 | 47 | 3386.14 | 6100 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 5700 | 107.1 | 3334.18 | 13127 |
| ક્રૂડ તેલ | 16-06-2025 | 6000 | 32.7 | 2982.40 | 6381 |
| સોનું | 30-06-2025 | 98000 | 1765 | 2257.54 | 523 |

**એમસીએક્સ ટોપ-5 વધનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| નેચરલ ગેસ-મિની | 25-06-2025 | 299.8 | 310.2 | 10.4 | 3.47 |
| નેચરલ ગેસ | 25-06-2025 | 299.9 | 310.3 | 10.4 | 3.47 |
| સોનું | 05-08-2025 | 96704 | 98371 | 1667 | 1.72 |
| સોનું-મિની | 04-07-2025 | 96267 | 97750 | 1483 | 1.54 |
| મેન્થા તેલ | 30-06-2025 | 911.3 | 925.2 | 13.9 | 1.53 |

**એમસીએક્સ ટોપ-5 ઘટનાર વાયદા કોન્ટ્રેક્ટ્સ**

| કોન્ટ્રેક્ટ | પાકતી તારીખ | આગલો બંધ | બંધ | વધઘટ | ફેરફાર(%) |
|---|---|---|---|---|---|
| જસત-મિની | 30-06-2025 | 252.85 | 252.35 | -0.5 | -0.20 |
| જસત | 30-06-2025 | 252.65 | 252.15 | -0.5 | -0.20 |
| એલ્યુમિનિયમ | 30-06-2025 | 242.35 | 242.1 | -0.25 | -0.10 |
| એલ્યુમિનિયમ-મિની | 30-06-2025 | 242.55 | 242.3 | -0.25 | -0.10 |
| ક્રૂડ તેલ | 21-07-2025 | 5642 | 5640 | -2 | -0.04 |

ગુજરાતના બીજા પૂર્વ મુખ્યમંત્રી બન્યા જેમનુ મોત વિમાન દુર્ઘટનામાં થયુ


# વિજય રૂપાણીના નિધનની સત્તાવાર પુષ્ટિ, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખે આપી માહિતી

• અમદાવાદ

અમદાવાદમાં આજે (12 જૂન) બપોરે બનેલી એર ઈન્ડિયાની વિમાન દુર્ઘટનાએ દેશભરને હચમચાવી દીધો છે. આ ગોઝારી ઘટનામાં લગભગ 200થી વધુ લોકોના મૃતદેહ મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે. આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ દુઃખદ નિધન થયું હોવાના અહેવાલો પ્રાપ્ત થયા હતા, જેની સત્તાવાર પુષ્ટિ ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે કરી છે. વિજય રૂપાણીના નિધનના સમાચારથી ગુજરાતના રાજકીય વર્તુળમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનાને લઈને ભાજપ પ્રદેશ પ્રમુખે શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "અમદાવાદમાં થયેલી મોટી વિમાન દુર્ઘટનાએ દેશભરને હચમચાવી દીધો છે. યુકે જનારા પ્લેનમાં તમામ લોકોને હાનિ પહોંચી છે. એમનો કોઈને કોઈ મોકો પણ ન મળ્યો અને શહેરની વચ્ચે ઘટના સર્જાઈ તો આપણે કાંઈ ન કરી શકયા, જેનું ઘણું દુઃખ છે. મૃતકોની આત્માને શાંતિ મળે અને તેમના પરિવાજનોની આપત્તિજનક સ્થિતિમાં શક્તિ મળે તેવી પ્રાર્થના કરીએ છીએ. આ પ્લેનમાં અમારા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હતા, જેઓ તેમના પરિવારને મળવા માટે જઈ રહ્યા હતા. તેઓ પણ આ દુર્ઘટનાનો શિકાર બન્યા છે. ભાજપ પરિવારમાં બહુ મોટી ખોટ આવી છે."

વિજય રૂપાણીના નિધનના સમાચાર મળતા જ વિવિધ રાજકીય પક્ષોના નેતાઓએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે. કોંગ્રેસ નેતા શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ



'X' પર ટ્વિટ કરીને લખ્યું હતું કે, "વિજયભાઈ રૂપાણી, જેમની સાથે ગુજરાત વિધાનસભામાં એક સાથી તરીકે કામ કર્યું હતું. તેમનું વિમાન દુર્ઘટનામાં મૃત્યુના સમાચાર દુર્ભાગ્યપૂર્ણ છે. અતિશય કરુણ અને ન કલ્પી શકાય એવા દુઃખદ સમાચાર મળ્યા. અમદાવાદથી લંડન જઈ રહેલું વિમાન ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં દુર્ઘટનાગ્રસ્ત થયું. આ ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા અને ઘાયલ થયા છે તેવા સમાચારોથી ખૂબ વ્યથિત છું."

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાને પણ આજે અમદાવાદ નજીક થયેલી વિમાન દુર્ઘટનાના દુઃખદ સમાચાર મળતાની સાથે જ તેમણે પોતાનો પ્રવાસ તાત્કાલિક રોકી અમદાવાદ માટે રવાના થઈ ગયા હતા. તેમણે શોક વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "આ દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું હોવાની માહિતી જાણીને દુઃખ થયું છે. ભગવાન તેમની આત્માને શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ ઘડીએ હિંમત આપે."

રાજ્યના 12.42 લાખથી વધુ બાંધકામ શ્રમયોગીઓ માટે સંકટ સમયની સાંકળ છે અંત્યેષ્ટિ સહાય યોજના

# શ્રમિકોનો 'અંત' સુધી સાથ નિભાવે છે ગુજરાત સરકારની અંત્યેષ્ટિ સહાય યોજના

### યોજના હેઠળ બાંધકામ શ્રમયોગીનું મૃત્યુ થવા પર તેના પરિવારજનોને 10 હજારની અંત્યેષ્ટિ સહાય આપવામાં આવે છે : છેલ્લા 10 વર્ષમાં 1307 શ્રમિક પરિવારોને મળી 86.86 લાખની સહાય

• ગાંધીનગર

મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે કાર્યરત સૌથી વધુ જોખમનું કામ કરતા શ્રમિકો માટે, તેમના આકસ્મિક મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારજનોને મદદરૂપ થવા માટે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2008માં 'અંત્યેષ્ટિ સહાય યોજના' શરૂ કરી હતી. આ યોજના હેઠળ લાભાર્થી પરિવારોને 2000 ની આર્થિક સહાય આપવામાં આવતી હતી. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ આ સંવેદનશીલ યોજના હેઠળની આર્થિક સહાય વધારીને 10,000 કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અંત્યેષ્ટિ સહાય યોજના એક એવી યોજના છે કે જે સૌથી વધુ જોખમી મજૂરી કરતા બાંધકામ શ્રમયોગીઓની સહાય કરે છે. આ યોજનાનો ઉદ્દેશ મકાન અને અન્ય બાંધકામ શ્રમિકનું અચાનક મૃત્યુ થાય ત્યારે તેમના પરિવારજનોને આર્થિક રીતે મદદરૂપ થવાનો છે. બાંધકામ શ્રમિકનું અચાનક મૃત્યુ થવા પર તેમના પરિવારજનોને આ યોજના હેઠળ 10,000ની સહાય આપવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા 10 વર્ષોમાં 1307 શ્રમિક પરિવારોને 86.86 લાખની સહાય ચૂકવવામાં આવી છે. અંત્યેષ્ટિ સહાય યોજનાના નામ પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્ય સરકાર લાખો બાંધકામ શ્રમિકોની પડખે 'અંત સમયે' પણ ઊભી રહે છે. અંત્યેષ્ટિ સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર મકાન અને અન્ય બાંધકામ ક્ષેત્રે કાર્યરત




કોઈ પણ શ્રમયોગીના મૃત્યુના કિસ્સામાં તેના પરિવારજનોને 10 હજારની સહાય આપે છે. આ યોજનાનું સંચાલન ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા થાય છે. રાજ્ય સરકારના ઈ-નિર્માણ પોર્ટલ પર નોંધાયેલા શ્રમિકોમાંથી 12 લાખ 42 હજાર 24થી વધુ શ્રમિકો ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ સાથે જોડાયેલા છે. બોર્ડમાં નોંધાયેલા આ શ્રમિકો માટે અંત્યેષ્ટિ સહાય યોજના ઉપયોગી બની રહી છે. છેલ્લા 10 વર્ષમાં 1307 શ્રમયોગી પરિવારોને ચૂકવવામાં આવી 86.86 લાખની સહાયબોર્ડમાં તેમજ ઈ-નિર્માણ પોર્ટલમાં નોંધાયેલા 18થી 60 વર્ષની વયજૂથના કોઈપણ બાંધકામ શ્રમિકનું ચાલુ મેમ્બરશીપ દરમ્યાન મૃત્યુ થાય, ત્યારે મૃતકના પરિજનોને આ યોજના હેઠળ 10 હજારની સહાય ચુકવવામાં આવે છે. શ્રમિકના મૃત્યુ પછી છ માસની અંદર તેના વારસદારે sanman.gujarat.gov.in પોર્ટલ પર અરજી કરવાની રહે છે.

બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ વર્ષ 2015-16થી 2024-25 સુધી એટલે કે છેલ્લા 10 વર્ષમાં મૃતક શ્રમયોગીઓના પરિવારજનોને 86.86 લાખની સહાય ચૂકવવામાં આવી છે.રાજ્ય સરકારે વર્ષ 2008માં જયારે અંત્યેષ્ટિ સહાય યોજના લાગુ કરી, ત્યારે યોજના હેઠળની સહાય 2000 હતી. 2015-16માં અંત્યેષ્ટિ સહાય યોજના હેઠળ સહાયની રકમ 5000 કરવામાં આવી હતી. ત્યારબાદ, મે 2020થી આ સહાય રાશિ વધારીને 7000 અને એપ્રિલ 2022માં વધારીને 10,000 કરવામાં આવી. આમ, રાજ્ય સરકારે બાંધકામ શ્રમિકો માટેની અંત્યેષ્ટિ સહાય યોજનાની રકમમાં સતત વધારો કર્યો છે.

સહાયની રકમમાં વધારાને કારણે છેલ્લા 5 વર્ષોમાં લાભાર્થી પરિવારોને મળનારી આર્થિક સહાયમાં વધારો થયો છે. આંકડાની દ્રષ્ટિએ જોઈએ તો, 2015-16થી 2019-20 સુધીના શરૂઆતના પાંચ વર્ષોમાં લાભાર્થી પરિવારોને મળનારી સહાયરાશિ માત્ર 30.22 લાખ હતી, જેની સામે 2020-21થી 2024-25માં મૃતક શ્રમયોગીના પરિવારોને અંત્યેષ્ટિ સહાય યોજના હેઠળ 56.64 લાખની સહાય ચૂકવવામાં આવી છે.

'ગુડ બાય ઈન્ડિયા, થેન્ક યુ...'

# પ્લેનમાં સવાર થતાં પહેલાનો બ્રિટિશ નાગરિકોનો વીડિયો વાઈરલ


• અમદાવાદ

ગુજરાતના અમદાવાદમાં એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થતાં દેશભરમાં શોક છવાયો છે. અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લાનમાં કુલ 242 લોકો સવાર હતા. જેમાં 230 મુસાફરો અને 2 પાયલટ સહિત 12 ક્રૂ મેમ્બર પણ સામેલ હતા. વિમાન દુર્ઘટનામાં 200થી વધુ મૃતદેહ મળી આવ્યા હોવાનું સામે આવ્યું છે. પ્લેન ક્રેશ દુર્ઘટનામાં બ્રિટિશના એક મુસાફરનું મોત નીપજ્યું હતું. આ મુસાફરે દુર્ઘટના પહેલા સોશિયલ મીડિયા પોસ્ટ કરી હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો અને તેની ચર્ચા થઈ રહી છે. વીડિયોમાં પાછળ વિજય રૂપાણી પણ જોવા મળ્યા હતા.

અમદાવાદથી લંડન જઈ રહેલા પ્લેનમાં 53 બ્રિટિશના નાગરિકો સવાર હોવાનું સામે આવ્યું છે. જેમાંથી જેમી મીક નામના બ્રિટિશ નાગરિકનો ઘટના પહેલાનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં જેમી મીકે ઈન્સ્ટાગ્રામ પર ભારતના પ્રવાસનો અનુભવ શેર કર્યો હતો. જેમીએ પોસ્ટમાં લખ્યું હતું કે, 'અનેક યાદો સાથે ભારતમાંથી વિદાય લઈ રહ્યા છીએ...'

ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં જેમી તેના સાથી મિત્ર ફિયોનગલ ગ્રીનલોએ ભારતની મુલાકાતના પોતાના અનુભવને યાદ કર્યા અને ભારતમાં છેલ્લી રાત હોવાના કારણે અફસોસ વ્યક્ત કર્યો હતો. જેમાં ગુરુવારની સવારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી વિમાનની ઉડાન ભરતા પહેલા જેમીએ વીડિયો પોસ્ટ કર્યો હતો. તેણે કહ્યું કે, 'ગુડ બાય ઈન્ડિયા, થેન્ક યુ...'અમદાવાદ ઍરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ગુરુવારે (12 જૂન) બપોરે લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન ટેક ઑફ થયાના થોડીવાર પછી ક્રેશ થયું હતું.

વિમાનમાં 242 લોકો સવાર હતા, જેમાં બે પાયલટ સહિત 12 ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં 200થી વધુ લોકોના મોત થયા હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ટાટા ગ્રૂપે જાહેરાત કરી છે કે, અકસ્માતમાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારને એક કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે, એર ઈન્ડિયા ટાટા ગ્રૂપની માલિકીની છે.



## •ગુજરાત

### દરેક મૃતકના પરિવારને રૂ.1 કરોડ આપશે : ટાટા ગ્રૂપ

અમદાવાદ : ગુરુવારે (12 જૂન) બપોરે લંડન જતું એર ઈન્ડિયાનું વિમાન અમદાવાદ એરપોર્ટ નજીક મેઘાણીનગર વિસ્તારમાં ટેક ઑફ થયાના થોડીવાર પછી ક્રેશ થયું હતું. વિમાનમાં 242 લોકો સવાર હતા, જેમાં બે પાયલોટ સહિત 12 ક્રૂ મેમ્બરનો સમાવેશ થાય છે. આ અકસ્માતમાં 241 લોકોના મોત થયા હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે. ટાટા ગ્રૂપે જાહેરાત કરી છે કે, અકસ્માતમાં જીવ ગુમાવનારા દરેક વ્યક્તિના પરિવારને એક કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવશે. તમને જણાવી દઈએ કે એર ઈન્ડિયા ટાટા ગ્રૂપની માલિકીની છે.ટાટા સન્સના ચેરમેન એન. ચંદ્રશેખરને કહ્યું છે કે, આ મુશ્કેલ સમયમાં શબ્દો ખૂટી પડે છે. અમે મૃતકોના પરિવારજનો પ્રત્યે ઊંડી શોકની લાગણી વ્યક્ત કરીએ છીએ. પોતાના પ્રિયજનો ગુમાવનારા અને ઈજાગ્રસ્ત થનારા તમામ સાથે અમારી સંવેદના છે.

### પ્રભાવિતોની મદદ માટે હું સતત મંત્રીઓ-અધિકારીઓના સંપર્કમાં: PM મોદી

અમદાવાદ : અમદાવાદમાં વિમાન દુર્ઘટના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુ:ખ વ્યક્ત કર્યું છે. તેઓ આ હૃદયદ્રાવક દુર્ઘટનાથી ભાવુક થયા છે. તેમણે જણાવ્યું કે, તેઓ મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છે. અમદાવાદના મેઘાણીનગરમાં સર્જાયેલી આ દુર્ઘટનામાં અત્યારસુધી 100થી વધુ લોકોના મોત થયા છે. જો કે, સત્તાવાર આંકડા હજી જાહેર થયા નથી. આ દુર્ઘટના ગુરુવારે બપોરે 1.38 વાગ્યે બની હતી. વડાપ્રધાન મોદીએ વિમાન દુર્ઘટના મુદ્દે એક્સ પર પોસ્ટ કરી હતી કે, અમદાવાદમાં સર્જાયેલી દુર્ઘટનાથી અમે સ્તબ્ધ અને દુ:ખી છીએ. આ દુ:ખની ઘડીમાં પ્રભાવિત તમામ લોકો સાથે મારી સંવેદના છે. હું મંત્રીઓ અને અધિકારીઓના સંપર્કમાં છું. તેઓ લોકોની સહાયતા માટે કામ કરી રહ્યા છે.દુર્ઘટના બાદ વડાપ્રધાન મોદીએ નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ સાથે વાત કરી દુર્ઘટનાની જાણકારી આપી હતી. અમદાવાદથી ગેટવિક (બ્રિટન) જઈ રહેલી ફ્લાઇટ AI 171 ટેક ઑફની બે મિનિટમાં જ ક્રેશ થઈ હતી. વિમાનમાં બે પાયલોટ, 10 ક્રૂ સભ્યો અને 230 પેસેન્જર સવાર હતા. નાગરિક ઉડ્ડયન મંત્રીના કાર્યાલયના એક અધિકારીએ જણાવ્યું કે, PM મોદીએ વ્યક્તિગત રૂપે નાયડુ સાથે વાત કરી અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની જાણકારી લીધી હતી.

**પહેલીવાર પતિ પાસે જઈ રહી હતી નવી નવેલી દુલ્હન ખુશબૂ**

# અમદાવાદ એરપોર્ટ પર પિતા સાથે પુત્રીની અંતિમ તસવીર વાઈરલ

**લંડનમાં રહેતા પતિ પાસે જવા અમદાવાદ-લંડનની ફ્લાઈટમાં બેઠી હતી, તેનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હતો**



• અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પાસે ક્રેશ થયેલી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં અત્યાર સુધીમાં 204 લોકોના મોત થયા હોવાની પુષ્ટી થઈ છે. આ ભયાનક વિમાન અકસ્માતથી દેશભરમાં શોકની લાગણી ફેલાઈ ઘઈ છે. આ ઘટનામાં રાજસ્થાનના બાલોતરા જિલ્લાના અરાબા ગામમાં રહેતી 21 વર્ષીય નવી નવેલી દુલ્હન ખુશબૂનું પણ મોત થયું છે.

ખૂશબૂ પિતા મદદ સિંહ અને પિતરાઈ ભાઈ સાથે લંડન જવા માટે અમદાવાદ એરપોર્ટ પર આવી હતી. તે અહીંથી એર ઈન્ડિયાની ફ્લાઈટ એઆઈ-171થી લંડન જવાના રવાના થઈ હતી, જોકે ફ્લાઈટ ટેકઓફ થયાની થોડી જ મિનિટોમાં ક્રેશ થઈ ગઈ અને તે જ સમયે ખુશબૂની જિંદગીનો અંતિમ સમય બની ગયો.

ખુશબુના પિતા પુત્રીને મુકવા માટે એરપોર્ટ આવ્યા હતા અને અહીં તેમણે ભાવુક તસવીર પણ પાડી હતી, ત્યારબાદ તે તસવીર તેમણે વોટ્સએપ સ્ટેટસમાં લગાવી હતી. તેમણે લખ્યું હતું કે, 'આશીર્વાદ દિકરી ખુશબુ, ગોઈંગ ટૂ લંડન.' પુત્રી ફ્લાઈટમાં બેસી ગયા બાદ પિતા અને પિતરાઈ ભાઈ ગામડે જવા નીકળ્યા અને તુરંત ફ્લાઈટ ક્રેશ થવાના સમાચાર સાંભળતા તેઓ સ્તબ્દ થઈ ગયા હતા.


ખુશબૂના જોધપુર જિલ્લાના લૂણી ખારાબેરા ગામમાં રહેતા ડૉક્ટર વિપુલ સાથે લગ્ન થયા હતા. બંને દંપત્તીએ 18 જાન્યુઆરીએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. વિપુલ લંડનમાં પ્રેક્ટિસ કરે છે. લગ્ન બાદ વિપુલ લંડન ગયા હતા અને ખુશબુ થોડા મહિનાઓ સુધી પિયર અને સાસરામાં રહેતી હતી. તે લંડનમાં રહેતા પતિ પાસે જવા અમદાવાદ-લંડનની ફ્લાઈટમાં બેઠી હતી, તેનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હતો.

તેણીના પરિવારજનોએ કહ્યું કે, 'જ્યારે ખુશબુ લંડન જવા માટે રવાના થઈ, ત્યારે તેની આંખોમાં આંસુ હતા, તે માતાને ગળે મળીને ચોધાર આસુંએ રડતી હતી. ગામમાં મિઠાઈની દુકાન ચલાવતા અને ખેતીનું કામ કરતા મદન સિંહને ત્રણ પુત્રી અને એક પુત્ર છે, જેમાંથી ખૂશબુ સૌથી મોટી દીકરી હતી. ખુશબૂના મોત બાદ આખા ગામ શોકાતુર બની ગયો છે.

**અમેરિકામાં કલમ 899ને કારણે 55 અબજનું મૂડીરોકાણ દસ વર્ષ સુધી ગુમાવશે**

# ડોનાલ્ડ ટ્રમ્પના ટેક્સ બિલની જોગવાઈઓને કારણે હજારો અમેરિકનની નોકરીઓ જોખમમાં

**અમેરિકન કેપિટલ માર્કેટની વૃદ્ધિ પર અને તેને પરિણામે અમેરિકન પરિવાર પર અસર થશે**



• વોશિંગ્ટન

અમેરિકાના કોંગ્રેસના સ્પિકર માઈક જોન્સનને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મહત્ત્વકાંક્ષી ટેક્સ ખરડાને એક મતની સરસાઈથી તાજેતરમાં કોંગ્રેસમાં પસાર કરી સેનેટમાં મોકલી આપ્યો હતો. કોંગ્રેસમાં આ ખરડાના મતદાનમાં તરફેણમાં 215અને વિરૂદ્ધમાં 214 મત પડ્યા હતા. પરંતુ હવે ટ્રમ્પ બિલની કલમ 899 વિવાદાસ્પદ બનતા સેનેટમાં તેને પસાર કરાવવામાં રિપબ્લિકનને ભારે મુશ્કેલી પડે તેમ લાગે છે. કલમ 899 હેઠળ ઈન્ટરનેશનલ કંપનીઓને અમેરિકામાં ભારે ટેક્સ ભરવાનો થતા ઈન્વેસ્ટ કરવાનું જ માંડી વાળશે તો તેને કારણે થનારા વિસ્તરણના અભાવે અમેરિકનો બેકાર બની જશે.

ધ ગ્લોબલ બિઝનેસ એલાયન્સના આ બિલ સામે ચેતવણી આપતાં પત્રમાં બે રિપબ્લિકન સેનેટર જોન થુન અને માઈક ક્રેપોએ પણ સહી કરી હતી. ધ ઈન્વેસ્ટમેન્ટ કંપની ઈન્સ્ટિટયુટે જણાવ્યું હતું કે, કલમ 899 લાગુ કરવામાં આવશે, તો અમેરિકામાં વિદેશી મૂડીરોકાણ મર્યાદિત થઈ જશે. જેને કારણે અમેરિકન કેપિટલ માર્કેટની વૃદ્ધિ પર અને તેને પરિણામે અમેરિકન પરિવાર પર અસર થશે.

કોંગ્રેસમાં પસાર થયેલાં ખરડા અનુસાર યુએસ કંપનીઓ પર અન્યાયી ફોરિન ટેક્સ લાદતાં દેશોની કંપનીઓ તથા ઈન્વેસ્ટર્સ પર ફેડરલ સરકાર ટેક્સ લાદી શકે છે. ટોયોટો અને નેસ્લે જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓનું પ્રતિનિધિત્વ કરતાં ટ્રેડ જૂથ ધ ગ્લોબલ બિઝનેસ અલાયન્સ દ્વારા કરવામાં આવેલાં વિશ્લેષણ અનુસાર આ જોગવાઈને કારણે અમેરિકાને 3,60,000 જોબ અને વર્ષે 55 અબજનું મૂડીરોકાણ 10 વર્ષ સુધી ગુમાવવા પડશે.

ગ્લોબલ બિઝનેસ અલાયન્સના પ્રેસિડેન્ટ અને સીઈઓ જોનાથન સેમફોર્ડે જણાવ્યું હતું કે, આ કરવેરા વધારો વિદેશી સરકારોને સજા કરવા માટે છે, પરંતુ તેનો ભોગ અમેરિકન કામદારો બનશે. આ જોગવાઈને કારણે ફલોરિડામાં 44,200 પેન્સિલવેનિયામાં 27,700, નોર્થ કેરોલિનામાં 23,500 અને મિશિગનમાં 23,500 નોકરી ગુમાવવી પડશે.

## બાંગ્લાદેશને રાષ્ટ્રગીતની ભેટ આપનાર ટાગોરની હવેલી તોડી પાડવામાં આવી

• ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુઓના ઘરો પર સતત થઈ રહેલા હુમલાઓની હવે નોબેલ પુરસ્કાર વિજેતા તેમજ બાંગ્લાદેશના રાષ્ટ્રગાનના રચયિતા રવિન્દ્રનાથ ટાગોરના પૈતૃક ઘર સુધી પણ પહોંચી ગયા છે. બાંગ્લાદેશના સિરાજગંજ જિલ્લામાં ટાગોરના ઐતિહાસિક ઘર 'રવીન્દ્ર કચરીબારી' પર ટોળાએ હુમલો કરીને તોડફોડ કરી હતી. આ ઘર હવે રવીન્દ્ર મેમોરિયલ મ્યુઝિયમ તરીકે ઓળખાય છે.

બાંગ્લાદેશી મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એક વ્યક્તિ તેના પરિવાર સાથે મ્યુઝિયમની મુલાકાત લેવા આવ્યો હતો. મોટરસાયકલ પાર્કિંગ ચાર્જને લઈને તેના અને મ્યુઝિયમના કર્મચારી વચ્ચે ઝઘડો થયો હતો. એવો આરોપ છે કે જ્યારે વિવાદ વધ્યો ત્યારે મ્યુઝિયમના કર્મચારીઓએ તે વ્યક્તિને ઓફિસ રૂમમાં બંધ કરીને માર માર્યો હતો. આના પર સ્થાનિક લોકો ગુસ્સે ભરાયા હતા. મંગળવારે આના વિરોધમાં લોકોને એકઠા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. એવામાં આ લોકોનું ટોળું અચાનક કોઈ વાત પર ગુસ્સે થઈ ગયુ અને મ્યુઝિયમ પરિસરમાં ઘૂસી ગયુ. ટોળાએ રવીન્દ્ર સ્મારક સંગ્રહાલયના ઓડિટોરિયમને તોડી નાખ્યું અને સંસ્થાના ડિરેક્ટરને માર મારવામાં આવ્યો.

આ હુમલા પછી, બાંગ્લાદેશ સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા તપાસ માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આ સમિતિ હુમલા પાછળના કારણોની તપાસ કરશે. સમિતિના સભ્યોને 5 દિવસમાં પોતાનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. રવીન્દ્ર સ્મારક સંગ્રહાલય કસ્ટોડિયન મોહમ્મદ હબીબુર રહેમાને મીડિયાને જણાવ્યું હતું કે, 'મ્યુઝિયમ હાલ માટે અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યું છે. સમગ્ર સંકુલ સત્તાવાર દેખરેખ હેઠળ છે.'

રાજશાહી વિભાગના શાહજહાંપુરમાં સ્થિત રવીન્દ્ર સ્મારક સંગ્રહાલય, ટાગોર પરિવારનું પૂર્વજોનું ઘર છે. રવીન્દ્ર સ્મારક સંગ્રહાલયની આ હવેલીમાં જ રવિન્દ્રનાથ ટાગોરની સાહિત્યિક ભાવનાનો ઉદય થયો હતો.

**•મદદ માટે ભારત આવશે અમેરિકી તપાસ એજન્સી**

# અમદાવાદ પ્લેન ક્રેશ મામલે ટ્રમ્પે વ્યક્ત કર્યું દુ:ખ, શરીફે કહ્યું- પીડિતો પ્રત્યે સંવેદના

**આ સાથે ટ્રમ્પે કહ્યું કે, 'આ એક ભયાનક દુર્ઘટના છે**

• અમદાવાદ

ગુજરાતના અમદાવાદ-લંડન એર ઈન્ડિયાના બોઈંગ-787 ડ્રીમલાઈનર વિમાન દુર્ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી સહિત 241 વધુ મુસાફરોના મોત થયા છે, જ્યારે માત્ર એક મુસાફર સુરક્ષિત બચી ગયો છે. પ્લેન ક્રેશ દુર્ઘટનાને લઈને દેશભરમાં શોક છવાયો છે. જ્યારે ઘટનાને લઈને દુનિયાભરના નેતાઓ દુ:ખ વ્યક્ત કરી રહ્યા છે. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભીષણ વિમાન દુર્ઘટના મામલે દુ:ખ વ્યક્ત કર્યું હતું. આ સાથે ટ્રમ્પે કહ્યું કે, 'આ એક ભયાનક દુર્ઘટના છે. અમારી સંવેદના ભારત સાથે છે. અમે જે કાંઈ પણ થઈ શકે એ માટે ભારતની દરેક મદદ કરવા તૈયાર છીએ.' બીજી તરફ, પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ અને તેમના ભાઈ નવાઝ શરીફે પણ પ્લેન ક્રેશ દુર્ઘટનાને લઈને દુ:ખ વ્યક્ત કર્યો હતો.

અમદાવાદમાં ભીષણ વિમાન દુર્ઘટનાથી દેશ અને દુનિયાભરમાં શોક જોવા મળી રહ્યો છે, ત્યારે પ્લેન દુર્ઘટનાને લઈને ટ્રમ્પ પ્રશાસનને પહેલાથી અમેરિકાની રાષ્ટ્રીય પરિવહન સુરક્ષા બોર્ડ (NTSB)ને તપાસમાં સહયોગ કરવા માટે ભારત મોકલવાની પરવાનગી આપી દીધી છે. આ સિવાય અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ પણ આ દુ:ખ ઘટનાને લઈને શોક વ્યક્ત કર્યો હતો અને ભારતને દરેક સહાયતા કરવાની વાત કરી હતી.

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝે સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને



કહ્યું કે 'આજે અમદાવાદ નજીક એર એન્ડિયાનું વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાથી દુખી છું. આ ભયંકર નુકસાનથી પરિવારો પ્રત્યે અમે સંવેદના વ્યક્ત કરીએ છીએ.'

નવાજ શરીફે સોશિયલ મીડિયામાં લખ્યું કે, 'અમદાવાદમાં એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટના જાનહાનિ પર મારી સંવેદના. આ હૃદયદ્રાવક દુર્ઘટના સરહદોથી પણ આગળ છે અને આપણને આપણી માનવતાની યાદ અપાવે છે. મારી ઊંડી સંવેદનાઓ વડાપ્રધાન મોદી અને ભારતના લોકો પ્રત્યે છે.'

ગુજરાતના અમદાવાદમાં 12મી જૂને ભીષણ વિમાન દુર્ઘટનાના કારણે સમગ્ર દેશ આઘાતમાં છે. વિમાનમાં સવાર મોટા ભાગના મુસાફરોએ જીવ ગુમાવ્યા છે. વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું જેમાં 242 લોકો સવાર હતા. જેમાં બે પાયલટ અને 10 કેબિન ક્રૂ સદસ્યો સામેલ છે. વિમાન મેઘાણીનગર નજીક એક હોસ્ટેલમાં ક્રેશ થયું તે બિલ્ડિંગમાં પણ મોટા પાયે જાનહાનિના અહેવાલ છે. પ્લેન ટેકઓફ થયાની બે જ મિનિટમાં ક્રેશ થઈ ગયું હતું. આ દુર્ઘટનામાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું પણ નિધન થયું છે. તેઓ પરિવારને મળવા માટે લંડન જઈ રહ્યા હતા. ફ્લાઈટ AI171માં 169 ભારતીય, 53 બ્રિટિશ, 1 કેનેડિયન અને 7 પોર્ટુગીઝ નાગરિકો હતા. આ પ્લેન ક્રેશ થયું કેવી રીતે, સમજો ગ્રાફિક એનિમેશનથી.

**મધ્યપૂર્વમાં વધુ એક યુદ્ધના ભણકારા**

## અમેરિકન નાગરિકોને પાછા બોલાવવા ટ્રમ્પનો આદેશ

• વોશિંગ્ટન

વિશ્વ વધુ એક યુદ્ધનું સાક્ષી બની શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર, અમેરિકાના અધિકારીઓએ જણાવ્યું છે કે, ઈઝરાયલની સેના ઈરાન પર હુમલો કરવા સંપૂર્ણપણે સજ્જ છે. જેની જવાબી કાર્યવાહીના ભાગરૂપે ઈરાન પોતાના પડોશી દેશ ઈરાકમાં સ્થિત અમેરિકાના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકે છે.

અમેરિકાએ ગઈકાલે જ પોતાના નાગરિકોને ઈરાક છોડવા માટે એડવાઈઝરી જાહેર કરી હતી. અમેરિકાના વિદેશ વિભાગે પણ નોન-ઈમરજન્સી ઑફિસર્સને ઈરાક છોડવા આદેશ આપ્યો છે. પશ્ચિમી એશિયામાં વધતાં તણાવ અને યુદ્ધની આશંકા વચ્ચે અમેરિકાએ ઈરાક, કુવૈત, અને બહરીન સહિતના મધ્ય-પૂર્વીય દેશોમાં પોતાના દૂતાવાસોમાંથી વધારાના કર્મચારીઓ અને પરિવારને પાછા વતન ફરવા આદેશ આપ્યો છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ફરી સંભવિત હુમલા થઈ શકે છે.

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે બુધવારે સાંજે વોશિંગ્ટનના કેનેડી સેન્ટરમાં જણાવ્યું હતું કે, તેમને ત્યાંથી ખસેડવામાં આવી રહ્યા છે. કારણકે, તે સ્થળ હવે અત્યંત જોખમી બન્યું છે. તેમને ત્યાંથી દૂર કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે. અને આગળ શું પગલાં લેવા જોઈએ તેના પર વિચારીશું. હાલ આ મધ્ય-પૂર્વીય દેશોમાં તણાવ વધી રહ્યો છે. ઈરાનની ઝડપથી વધી રહેલી ન્યુક્લિયર પ્રોગ્રામ તરફની આગેકૂચ ચિંતા વધારી રહી છે. તે અમેરિકા સાથે તેની વાટાઘાટ પર અવરોધો ઊભા કરી રહી છે. અમે તેમની સાથે વાતચીતના માધ્યમથી ન્યુક્લિયર પ્રોગ્રામને અટકાવવા માગીએ છીએ. જેના માટે અમે અમુક આકરા આર્થિક પ્રતિબંધો દૂર કરવા પણ તૈયાર છીએ. ઉલ્લેખનીય છે, ઈરાને પોતાના ન્યુક્લિયર પ્રોગ્રામ પર સ્પષ્ટતા આપતાં કહ્યું છે કે, આ પ્રોગ્રામ શાંતિપૂર્ણ છે. આ મામલે અમેરિકા સાથે આ સપ્તાહના અંતમાં ઓમાનમાં બેઠક યોજાશે.

અમેરિકાના સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાનની અમેરિકા સાથેની વાટાઘાટ જો નિષ્ફળ રહી તો ટ્રમ્પના અગાઉના આદેશાનુસાર, ઈઝરાયલ તથા અમેરિકા ઈરાનના ન્યુક્લિયર સેન્ટર્સ પર હુમલો કરી શકે છે. ઈરાન સાથે કોઈપણ સમાધાન મુદ્દે અપેક્ષા જણાઈ રહી નથી. જો કે, ટ્રમ્પ ન્યુક્લિયર પ્રોગ્રામ અટકાવવા એડીચોટીનું જોર લગાવશે.

## •સંક્ષીપ્ત સમાચાર

### દ.આફ્રિકામાં ભીષણ પૂર, 6 વિદ્યાર્થી સહિત 50ના મોત



• જોહનીસબર્ગ

દક્ષિણ આફ્રિકાના પૂર્વી કેપ પ્રાંતમાં ભારે વરસાદ અને હિમવર્ષાના કારણે આવેલા ભીષણ પૂરથી લગભગ 50 લોકોના મોત થયા છે. અહેવાલો અનુસાર, ભારે ઠંડીને કારણે દેશના કેટલાક વિસ્તારોમાં વરસાદ અને બરફ પડ્યો હતો અને ત્યારબાદ વિનાશકારી પૂર આવ્યું હતું. પૂર્વી કેપના પ્રીમિયર ઓસ્કાર માબુયાને જણાવ્યું હતું કે, 'પોલીસે મૃત્યુઆંકની પુષ્ટિ કરી છે. મૃતકોમાં છ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે જેઓ મંગળવારે નદી પાસે પૂરના પાણીમાં ફસાઈ ગયા બાદ તણાઈ ગયા હતા. અન્ય ચાર વિદ્યાર્થીઓ હજુ પણ ગુમ છે. પૂરને કારણે ઈસ્ટર્ન કેપ પ્રાંતમાં સૌથી વધુ નુકસાન થયું છે. પૂરને કારણે અનેક મકાનોને નુકસાન થયું છે અને મોટી સંખ્યામાં કાર પૂરના પાણીમાં તણાઈ ગઈ છે.' દક્ષિણ આફ્રિકા આફ્રિકન ખંડના દક્ષિણ છેડે આવેલું છે. દક્ષિણ આફ્રિકા વિશ્વનો એકમાત્ર એવો દેશ છે જેની ત્રણ રાજધાની છે - પ્રિટોરિયા (વહીવટી રાજધાની), કેપ ટાઉન (વિધાનસભા રાજધાની) અને બ્લૂમફોન્ટેન (ન્યાયિક રાજધાની). દક્ષિણ આફ્રિકાની અંદાજિત વસ્તી 62થી 64 મિલિયનની વચ્ચે છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI